Volume : 10
Issue : 326
Dt.: 30-03-2025
SUNDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### વડાપ્રધાન મોદીએ જનરલ સાથે કરી ટેલિફોનિક વાતચીત

# મ્યાનમારની મદદ માટે ભારતે શરૂ કર્યું 'ઓપરેશન બ્રહ્મા'

## પીએમ મોદીએ ઊંડી સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે ભારત એક નજીકના મિત્ર અને પાડોશી તરીકે આ મુશ્કેલ સમયમાં મ્યાનમારની સાથે ઉભું છે

(SSS) નવી દિલ્હી, મ્યાનમારમાં શુક્રવારે આવેલા ભૂકંપને કારણે ભારે તબાહી મચી ગઈ છે. આ ભયાનક ભૂકંપમાં જાનમાલને નુકસાન પર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યુ છે. તેમણે મ્યાનમારના જનરલ મીન આંગ હ્લેઈંગ સાથે વાત કરી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી આપી છે. પીએમ મોદીએ મ્યાનમારના જનરલને આ સંકટની ઘડીએ એકતાનું આશ્વાસન આપ્યું હતું. પીએમ મોદીએ મ્યાનમારના લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે ભારત, એક નજીકના મિત્ર અને પાડોશી તરીકે આ મુશ્કેલ સમયમાં મ્યાનમારની સાથે ઉભું છે. પીએમ મોદીએ મ્યાનમારના જનરલ મિન આંગ હ્લેઈંગ સાથે વાતચીત કરીને સોશિયલ મીડિયા એપ X પર એક પોસ્ટ પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં પીએમ મોદીએ પોતાની પોસ્ટમાં લખ્યું, વિનાશક ભૂકંપમાં મૃત્યુ પામેલા લોકો પર ઊંડી સંવેદના વ્યક્ત કરી. એક નજીકના મિત્ર અને પાડોશી દેશ તરીકે ભારત આ મુશ્કેલ સમયમાં મ્યાનમારના લોકો સાથે એકતાથી ઉભું છે. ઓપરેશન બ્રહ્મા હેઠળ આપત્તિ રાહત સામગ્રી, માનવતાવાદી સહાય, શોધ અને બચાવ ટીમો ઝડપથી અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી રહી છે.ઉલ્લેખનીય છે કે, મ્યાનમારમાં આવેલા ભયાનક ભૂકંપ પછી ભારતે રાહત સામગ્રીનો પહેલો જથ્થો મોકલી દીધો છે. ભારત તરફથી મ્યાનમારને સહાય રૂપે ૧૫ ટન રાહત સામગ્રી મોકલવામાં આવી છે. હિંડોન આવેલા IAF ના હિંડોન સ્ટેશનથી ભારતીય વાયુસેના (IAF) ના C-130J વિમાન દ્વારા મ્યાનમાર રાહત સામગ્રી મોકલવામાં આવી છે. આ રાહત પેકેજમાં ટેન્ટ, સ્લીપિંગ બેગ, ધાબળા, ખાવાનો તૈયાર ખોરાક, વોટર પ્યુરીફાયર, સ્વચ્છતા કીટ, સોલર લેમ્પ, જનરેટર સેટ અને પેરાસીટામોલ, એન્ટિબાયોટિક્સ, સિરીંજ, મોજા અને પટ્ટાઓ જેવી આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે. હકીકતમાં, શુક્રવારે મ્યાનમાર અને તેના પડોશી દેશ થાઈલેન્ડમાં આવેલા વિનાશકારી ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપમાં બહુમાળી ઈમારતો, પુલો અને ડેમનો નષ્ય થઈ ગયા હતા. આ ભૂકંપને કારણે મ્યાનમારમાં આશરે ૧૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, તેમજ ૧૭૦૦થી લોકો ઘાયલ થયા છે. શુક્રવારે બપોરે આવેલા ભૂકંપની તીવ્રતા ૭.૭ હતી અને તેનું કેન્દ્રબિંદુ મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે નજીક હતું. આ પછી પણ ભૂકંપના ઘણા આંચકા અનુભવાયા હતા. મ્યાનમાર અને થાઈલેન્ડમાં શુક્રવારે ૭.૭ની તીવ્રતાના ભૂકંપે મોટી તબાહી મચાવી છે. મ્યાનમારમાં ૧૫૦થી વધુ લોકો મોતને ભેટ્યા છે. અત્યારે પણ સતત આંચકાનો અનુભવ થઈ રહ્યો છે. શુક્રવારે રાતે ૧૧:૫૬ વાગ્યે મ્યાનમારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સ્થાનિક સમય પ્રમાણે શુક્રવારે રાતે ૧૧ વાગીને ૫૬ મિનિટે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, ભૂકંપની તીવ્રતા ૪.૨ હતી. તે ૧૦ કિમીની ઊંડાઈએ આવ્યું હતું. ભૂકંપથી થયેલા વિનાશનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં ૩૦ માળની એક ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. ભૂકંપ બાદ બેંગકોકમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. મ્યાનમારને મદદ કરવા માટે ભારતે C-130J વિમાન દ્વારા લગભગ ૧૫ ટન રાહત સામગ્રી મ્યાનમાર મોકલી છે. મ્યાનમાર લશ્કરી શાસન હેઠળ હોવા છતાં ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા મદદ કરશે. ભૂકંપને કારણે મ્યાનમારના બે શહેરોમાં ભારે નુકસાન થયું હતું.

### અત્યાર સુધી સેંકડો મોત

# મ્યાનમારમાં ફરી શક્તિશાળી ભૂકંપઃ ૫.૧ની તીવ્રતાનો આંચકો

## સેંકડો મોતની પુષ્ટિ, રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દેવાયું

(SSS) મ્યાનમાર, મ્યાનમારમાં ૨૮ માર્ચે ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ વારંવાર આફટરશોક આવી રહ્યા છે. ૨૪ જ કલાકમાં મ્યાનમારમાં ૧૫ વખત ધરા ધ્રુજી, જોકે આજે ફરી શક્તિશાળી ભૂકંપના આંચકા આવ્યા છે. આજે આવેલા તીવ્રતા ૫.૧ નોંધાઈ. લોકો જીવ બચાવવા માટે ફરી ઘર છોડીને બહાર આવી ગયા હતા. ભૂકંપ બાદ મ્યાનમાર અને થાઈલેન્ડમાં ઠેર ઠેર તારાજી જોવા મળી રહી છે. સત્તાવાર આંકડા અનુસાર એક હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે બે હજારથી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. અમેરિકાની જિયોલોજીકલ સર્વે એજન્સી જીય્જીનો તો દાવો છે કે મ્યાનમારમાં જ ભૂકંપના કારણે ૧૦ હજારથી વધુ લોકોના મૃત્યુની આશંકા છે. જોકે હજુ રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે અને ગુમ થયેલા લોકોને શોધવામાં આવી રહ્યા છે. થાઈલેન્ડના પાટનગર બેંગકોકમાં ૧૦ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. ભૂકંપ બાદથી જ મ્યાનમારમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે જાનમાલના નુકસાનની જાણકારી દુનિયા સામે નથી આવી રહી. મ્યાનમારમાં સેનાએ ઈમરજન્સીની જાહેરાત કરી છે તથા દુનિયાના દેશોને મદદ કરવા માટે અપીલ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યાનમારની સેનાના જનરલ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે તથા સંભવ તમામ મદદ માટે આશ્વાસન આપ્યું છે. ભારતીય વાયુસેના ગઈકાલ રાત્રિથી જ મ્યાનમારમાં રાહત સામગ્ર પહોંચાડી રહી છે. ભારતે મ્યાનમારની મદદ માટે ઓપરેશન બ્રહ્મા શરૂ કર્યું છે કે હેઠળ આવશ્ય દવાઓ, સોલર કેમ્પ, જનરેટર, સ્લીપિંગ બેગ અને ટેન્ટ જેવા સામાન મોકલવામાં આવી રહ્યા છે.

### ભારત અને અમેરિકા વચ્ચે બધુ સારું રહેશે : ટ્રમ્પ

# ટ્રમ્પે મોદીને મહાન ગણાવ્યા, પરંતુ ટેરિફ ઉપર જૂનું વલણ દર્શાવ્યું

## બંને દેશોએ પ્રારંભિક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા સમયમર્યાદા નજીક આવતાં વાટાઘાટો શરૂ કરી



(SSS) વોશિંગ્ટન, ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ટેરિફ વાટાઘાટો વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે ટેરિફ વાટાઘાટોના ખૂબ સારા પરિણામ આવશે. આ સાથે જ ટ્રમ્પે પીએમ મોદીને તેમના સારા મિત્ર અને સ્માર્ટ વ્યક્તિ ગણાવ્યા હતા. ભારત અને અન્ય દેશો દ્વારા અમેરિકન ચીજવસ્તુઓ પર લાદવામાં આવતી ડ્યુટીની ટ્રમ્પની સતત ટીકા વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિની તાજેતરની ટિપ્પણી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. અમેરિકી રાષ્ટ્રપતિએ શુક્રવારે વ્હાઈટ હાઉસમાં કહ્યું, વડાપ્રધાન મોદી હાલમાં જ અહીં આવ્યા હતા અને અમે હંમેશા ખૂબ સારા મિત્રો રહ્યા છીએ. તેમજ ભારત સાથે મારા સંબંધો ખૂબ જ સારા રહ્યા છે. પરંતુ ભારત સાથે મારે એક જ સમસ્યા છે કે તે દુનિયામાં સૌથી વધી ટેરિફ લગાવતા દેશોમાંથી એક છે. હું માનું છું કે ભારત કદાચ તેના ટેરિફને નોંધપાત્ર રીતે ઘટાડવા જઈ રહ્યું છે, પરંતુ ૨જી એપ્રિલે અમે તેમની પાસેથી તે જ ટેરિફ વસૂલ કરીશું જે તેઓ અમારી પાસેથી ચાર્જ કરે છે. અન્ય એક નિવેદનમાં ટ્રમ્પે ભારતને વેપાર કરવા માટે મુશ્કેલ સ્થળ ગણાવ્યું હતું. બંને દેશોએ પ્રારંભિક વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા અને ટેરિફ અંગેના તેમના સ્ટેન્ડઓફને ૨ એપ્રિલની સમયમર્યાદા નજીક આવતાં ઉકેલવા માટે વાટાઘાટો શરૂ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ભારતે સોદાના પ્રથમ તબક્કામાં $23 બિલિયનની આયાત પર ટેરિફ કટની ઓફર કરી છે. બદામ અને ક્રેનબેરી જેવા અમેરિકન કૃષિ ઉત્પાદનો પર પણ છૂટ આપવામાં આવી છે. જણાવી દઈએ કે પીએમ મોદીએ ફેબ્રુઆરીમાં વોશિંગ્ટન ડીસીની મુલાકાત લીધી હતી અને અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. પીએમ મોદીની આ મુલાકાત ટ્રમ્પની બીજી ટર્મ માટે શપથ લીધાના એક મહિનાથી પણ ઓછા સમયમાં થઈ હતી.

# કુણાલ કામરાની મુશ્કેલીમાં વધારો, મુંબઈ પોલીસે વધુ ત્રણ FIR નોંધી

## એક કેસ જલગાંવના મેયર દ્વારા દાખલ કરાયો, અન્ય બે ફરિયાદો નાસિકના બે વેપારી દ્વારા દાખલ કરવામાં આવી

(SSS) મુંબઈ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર સ્ટેન્ડ અપ કોમેડિયન કુણાલ કામરાની મુશ્કેલીઓ વધવા લાગી છે. ખાર પોલીસે કામરા વિરુદ્ધ વધુ ત્રણ કેસ નોંધ્યા છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, એક કેસ જલગાંવના મેયર દ્વારા દાખલ કરવામાં આવ્યો છે અને અન્ય બે ફરિયાદો નાસિકના બે વેપારીઓ દ્વારા દાખલ કરવામાં આવી છે. ખાર પોલીસે કુણાલ કામરાને બે વખત પૂછપરછ માટે બોલાવ્યા છે. પરંતુ તેઓ હજુ સુધી દેખાયા નથી.

મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે કામરા વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆરમાં ૭ એપ્રિલ સુધી વચગાળાના આગોતરા જામીન આપ્યા હતા. કામરાએ ટ્રાન્ઝિટ આગોતરા જામીન માટે મદ્રાસ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. પોતાની અરજીમાં તેણે કહ્યું હતું કે તેની તાજેતરની ટિપ્પણી બાદ તેને અનેક પ્રકારની ધમકીઓ મળી રહી છે.

ડેપ્યુટી સીએમ પર તેમની વાંધાજનક ટિપ્પણી બાદ પોલીસે કામરાને ત્રણ સમન્સ જારી કર્યા છે. ત્રીજા સમન્સમાં, પોલીસે કોમેડિયનને ૩૧ માર્ચે ખાર પોલીસ સ્ટેશનમાં હાજર થવા કહ્યું છે. શિવસેનાના ધારાસભ્ય મુરજી પટેલે ખાર પોલીસ સ્ટેશનમાં કામરા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. છેલ્લા બે સમન્સમાં કામરા પોતાનો પક્ષ રજૂ કરવા પોલીસ સમક્ષ હાજર થયો ન હતો.

કુણાલ કામરાએ એક શોમાં એકનાથ શિંદે પર નિશાન સાધ્યું હતું. કામરાએ તેમનું નામ લીધા વિના શિંદેને 'દેશદ્રોહી' કહ્યા. તેનો વીડિયો મારા એક્સ એકાઉન્ટ પર શેર કર્યો છે. આ વીડિયોને લઈને સમગ્ર વિવાદ શરૂ થયો હતો. મહારાષ્ટ્ર સરકારે કામરાને માફી માંગવા કહ્યું. પરંતુ તેણે તેનો ઈનકાર કર્યો હતો. બાદમાં શિવસેનાના કાર્યકરોએ હેબિટેટ સ્ટુડિયોમાં તોડફોડ કરી હતી. અહીં જ કામરાના શોનું શૂટિંગ થયું હતું.

### અમિત શાહનો રાહુલ ગાંધી પર કટાક્ષ

# લોકસભામાં બોલવાનો વારો આવ્યો ત્યારે તેઓ વિયેતનામમાં હતા

## શાહે કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર દ્વારા મુસ્લિમો માટે ૪ ટકા અનામતની જાહેરાતને લોલીપોપ ગણાવી હતી



(SSS) નવી દિલ્હી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે સંસદના કામકાજની ટીકા કરવા બદલ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે વિપક્ષી નેતા વિયેતનામમાં હતા જ્યારે તેમને લોકસભામાં બોલવાનો સમય આપવામાં આવ્યો હતો. વધુમાં શાહે કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર દ્વારા મુસ્લિમો માટે ૪ ટકા અનામતની જાહેરાતને લોલીપોપ ગણાવી હતી. એક કાર્યક્રમમાં બોલતા અમિત શાહે કહ્યું કે ધર્મના આધારે કોઈપણ અનામત બંધારણનું ઉલ્લંઘન છે અને તેને અદાલતો ફગાવી દેશે. તેમણે કહ્યું, અમે ધર્મના આધારે કોઈપણ ક્વોટાનો સખત વિરોધ કરીએ છીએ. સંસદની કાર્યક્ષમતા અંગે રાહુલ ગાંધીની ટીકા પર ગૃહમંત્રીએ કહ્યું કે લોકસભામાં વિપક્ષના નેતા કદાચ જાણતા નથી કે ગૃહમાં બોલવાના નિયમો છે, જેનું મનસ્વી રીતે પાલન કરી શકાય નહીં. તેમને (ગાંધી)ને બજેટ પર ચર્ચા કરવા માટે ૪૨ ટકા સમય આપવામાં આવ્યો હતો. હવે કોણ બોલે છે તે તેમની પસંદગી છે. પરંતુ જ્યારે સંસદમાં ગંભીર ચર્ચાઓ થઈ રહી હતી ત્યારે તેઓ વિયેતનામમાં હતા અને જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે તેમણે તેમની ઈચ્છા મુજબ બોલવાનો આગ્રહ શરૂ કર્યો હતો. તેમણે કહ્યું કે સંસદ નિયમો અને પ્રક્રિયાઓ અનુસાર ચાલે છે, કોંગ્રેસ પાર્ટીની જેમ નહીં, જે પરિવાર દ્વારા ચલાવવામાં આવે છે. દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ હોવાના કોંગ્રેસના આક્ષેપ પર શાહે કહ્યું કે વિપક્ષી પાર્ટી હંમેશા સરકારની ટીકા કરતી રહે છે. તેમણે કહ્યું કે જો ઈમરજન્સી હોત તો તેઓ (કોંગ્રેસના નેતા) જેલમાં હોત. કર્ણાટક સરકાર દ્વારા મુસ્લિમો માટે ૪ ટકા અનામતની જાહેરાત પર શાહે કહ્યું કે વોટબેંકની રાજનીતિ માટે કોંગ્રેસ ધર્મના આધારે કોન્ટ્રાક્ટ આપવા માંગે છે, જ્યારે કોન્ટ્રાક્ટ ગુણવત્તા અને મૂલ્યના આધારે આપવા જોઈએ, ધર્મના આધારે નહીં.

### છત્તીસગઢમાં સુરક્ષા દળોએ બોલાવ્યો સપાટો

# છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૧૬ નક્સલીઓને ઠાર કરાયા

## નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ

(SSS) રાયપુર છત્તીસગઢમાં નક્સલવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ છે. બસ્તરના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું છે કે ૧૬ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. બે સૈનિકોને સામાન્ય ઈજાઓ થઈ છે. સુકમાના એસપી કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે સુકમા-દંતેવાડા સરહદ પર ઉપમપલ્લી કેરાલાપાલ વિસ્તારના જંગલોમાં સુરક્ષા દળો સાથેની એન્કાઉન્ટરમાં નક્સલીઓ માર્યા ગયા હતા. ગોળીબાર હજુ પણ ચાલુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સૈનિકોએ ઘટનાસ્થળેથી INSAS, SLR જેવા ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા વધવાની શક્યતા છે. આ પહેલા ૨૫ માર્ચે સુરક્ષા દળોએ ૩ નક્સલીઓને ઠાર માર્યા હતા, જેમાં નક્સલી સુધીર ઉર્ફે સુધાકરનો પણ સમાવેશ થાય છે, જેના માથા પર ૨૫ લાખ રૂપિયાનું ઈનામ હતું. ૨૦૨૫માં, બસ્તર રેન્જમાં સૈનિકોએ એક એન્કાઉન્ટરમાં ૧૦૦ નક્સલીઓનું એન્કાઉટર કર્યું છે. એક અધિકારીએ જણાવ્યું કે આ કામગીરીમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના જવાનો સામેલ છે. શુક્રવારે રાત્રે આ વિસ્તારમાં નક્સલીઓની હાજરી અંગે ગુપ્ત માહિતી મળ્યા બાદ આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. છત્તીસગઢના બસ્તર વિભાગમાં ૨૦ માર્ચે બે મોટા એન્કાઉન્ટર થયા. આમાં ૩૦ નક્સલીઓ માર્યા ગયા છે. પહેલું એન્કાઉન્ટર બીજાપુર-દંતેવાડા બોર્ડર પર અને બીજું કાંકેર-નારાયણપુર બોર્ડર પર થયું. બસ્તરના આઈજી સુંદરરાજ પી.એ જણાવ્યું હતું કે બીજાપુરમાં થયેલા એન્કાઉન્ટરમાં ૨૬ નક્સલીઓ માર્યા ગયા હતા. આ એન્કાઉન્ટરમાં એક ડીઆરજી (જિલ્લા રિઝર્વ ગાર્ડ) સૈનિક પણ શહીદ થયો હતો. તેવી જ રીતે, કાંકેર વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરમાં ચાર નક્સલીઓ માર્યા ગયા. અહીં, નારાયણપુર-દાંતેવાડા સરહદ પર ત્રીજી નક્સલી ઘટના બની. અહીં થુલથુલી વિસ્તારમાં ઈદ્ઘ વિસ્ફોટમાં બે સૈનિકો ઘાયલ થયા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશને નક્સલી હિંસાથી મુક્ત કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલમાં છત્તીસગઢના ૧૫ જિલ્લાઓ નક્સલવાદથી પ્રભાવિત છે.

### મહારાષ્ટ્ર સરકારની મોટી જાહેરાત

# ૨૬/૧૧ના હુમલાના શહીદ તુકારામ ઓમ્બલેનું સ્મારક બનશે

(SSS) મુંબઈ, મહારાષ્ટ્ર સરકારે ૨૬/૧૧ના આતંકી હુમલામાં શહીદ થયેલા મુંબઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તુકારામ ઓમ્બલેના સન્માનમાં સ્મારક બનાવવાનો નિર્ણય લીધો છે. આ સ્મારક સતારા જિલ્લામાં તેમના મૂળ ગામ કેદામ્બેમાં બનાવવામાં આવશે, જ્યાં તુકારામ ઓમ્બલેનો જન્મ થયો હતો. મહારાષ્ટ્ર સરકારે આ સ્મારકના નિર્માણ માટે ૧૩.૪૬ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે. આ મંજુરી બાદ શુક્રવારે જિલ્લા વહીવટી તંત્રને રૂ. ૨.૭૦ કરોડની મંજૂર રકમનો પ્રથમ હપ્તો આપવામાં આવ્યો છે. મહત્વનું છે કે આ સ્મારક તુકારામ ઓમ્બલેની બહાદુરી અને બલિદાનને માન આપવા માટે બનાવવામાં આવશે, જેમણે ૨૬/૧૧ના હુમલા દરમિયાન આતંકવાદીઓ સામે લડતી વખતે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. ૨૬/૧૧/૨૦૦૮નો એ કાળો દિવસ જ્યારે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં દરિયાઈ માર્ગે પાકિસ્તાનથી આવેલા ૧૦ આતંકવાદીઓ દ્વારા લોહિયાળ રમત રમાઈ હતી. આ હુમલામાં અનેક નિર્દોષો માર્યા ગયા હતા. આ આતંકવાદીઓમાં સૌથી ખતરનાક આતંકવાદી અજમલ કસાબ હતો જેણે રક્તપાતની એવી લોહિયાળ રમત રમી કે આખી દુનિયા સ્તબ્ધ થઈ ગઈ. કસાબ એકમાત્ર પાકિસ્તાની આતંકવાદી હતો જે તે આતંકવાદી હુમલાઓમાં જીવતો પકડાયો હતો. આ હુમલાના માસ્ટરમાઈન્ડ આતંકવાદી કસાબને જીવતો પકડવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા પરંતુ તે વારંવાર છટકતો રહ્યો હતો. અંતે, તુકારામ ઓમ્બલે, જેઓ મુંબઈ પોલીસમાં આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર તરીકે પોસ્ટેડ હતા, તેમણે માત્ર લાકડીની મદદથી તેને પકડી લીધો. હુમલાના પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બીજી તરફ પોલીસના ગોળીબારમાં એક આતંકવાદી માર્યો ગયો હતો અને કસાબે પોતે મરી ગયો હોવાનું નાટક કરવાનું શરૂ કર્યું હતું.

# નેપાળમાં રાજાશાહીના સમર્થકો અને પોલીસ વચ્ચે ઉગ્ર હિંસાઃ બેનાં મોત

## રાજકીય પક્ષોના હેડક્વાર્ટર્સ, મીડિયા બિલ્ડિંગો, શોપિંગ મોલ સહિત અનેક સ્થળે આગ, ૧૨ થી વધુ પોલીસ ઘાયલ

(SSS) કાઠમાંડુ નેપાળમાં ફરી રાજાશાહી લાગુ કરવાની માગ સાથે હજારો લોકો પ્રદર્શન કરી રહ્યા છે. જેમને રોકવા માટે નેપાળ સરકાર પોલીસ અને સેનાનો બળ પ્રયોગ કરી રહી છે. જેને પગલે નેપાળના અનેક વિસ્તારોમાં સુરક્ષાદળો અને પ્રદર્શનકારીઓ વચ્ચે હિંસા ફાટી નીકળી છે. પ્રદર્શનકારીઓએ અનેક વાહનોને આગ લગાવી દીધી હતી. ટોળાને વિખેરવા માટે પોલીસે આંસુ ગેસનો મારો ચલાવ્યો હતો સાથે જ રબરની ગોળીઓ ચલાવી હતી. સ્થિતિને કાબુમાં લેવા માટે નેપાળ સેનાને રસ્તા પર ઉતારવામાં આવી છે. આ ઘર્ષણમાં બેનાં મોત જ્યારે ૩૦ને ઈજા થઈ છે. સ્થાનિક મીડિયાના રિપોર્ટ અનુસાર પ્રદર્શનકારીઓએ સુરક્ષા ઘેરો તોડવાનો પ્રયાસ કર્યો હતો સાથે જ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જવાબમાં પોલીસે આંસુ ગેસનો મારો ચલાવ્યો અને રબરની ગોળીઓ ચલાવી હતી જેનાથી પ્રદર્શનકારીઓ વધુ ભડકી ગયા હતા અને બિઝનેસ શોપિંગ મોલ, રાજકીય પક્ષોની ઓફિસો, મીડિયા હાઉસ વગેરેમાં તોડફોડ કરીને આગ લગાવી દીધી હતી. આ દરમિયાન ૧૨થી વધુ પોલીસ જવાનો ઘવાયા હતા. હાલ જે પ્રદર્શન ચાલી રહ્યું છે તેમાં નેપાળના કેટલાક રાજાશાહી પરિવાર પણ જોડાયેલા છે. હજારો પ્રદર્શનકારીઓએ નેપાળનો રાષ્ટ્રીય ધ્વજ લહેરાવીને પૂર્વ રાજા ગ્યાનેંદ્ર શાહની તસવીર સાથે સાથે રાજા આવો દેશ બચાવો, ભ્રષ્ટ સરકાર મુર્દાબાદ, હમે રાજાશાહી વાપસ ચાહીએ જેવા નારા લગાવ્યા હતા. સ્થિતિને ધ્યાનમાં રાખીને હાલ હિંસા ભડકાવનારા અનેક લોકોની અટકાયત કરાઈ છે જ્યારે કરફ્યૂના ઉલ્લંઘન બદલ અનેક યુવાઓની ધરપકડ પણ કરાઈ છે. વર્ષ ૨૦૦૮માં નેપાળ સરકારે સંસદમાં કાયદો પસાર કરીને રાજાશાહીને ખતમ કરી નાખી હતી.

## તંત્રી લેખ

### વસુધૈવ કુટુમ્બકમની વાતો થાય છે પણ કોઈ સાથે રહેવા નથી માગતું

માતા અને પુત્ર વચ્ચે સંપત્તિનો વિવાદ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો, જેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે હાલની પરિવારની ભાવનાને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ભારતમાં વસુધૈવ કુટુમ્બકમની વાતો તો થાય છે પરંતુ બીજી તરફ સ્થિતિ એ છે કે આપણે પોતાના સ્વજનની સાથે એક થઈને રહેવામાં પણ નિષ્ફળ નિવડયા છીએ. માતા પિતાથી પુત્રો તો પુત્રોથી માતા પિતા અલગ રહેવા માગે છે તે અંગે સુપ્રીમે આ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ પંકજ મિતલ અને એસ એન વી ભટ્ટીની બેંચે કહ્યું હતું કે પરિવારનો કોન્સેપ્ટ બદલાઈ રહ્યો છે અને વ્યક્તિ એકલો જ રહેવા માગે છે અને તે જ પોતાનામાં એક પરિવાર છે, લોકો પોતાના સગા કે પરિવારજનોની સાથે રહેવા માટે પણ તૈયાર નથી. પરિવારની વ્યવસ્થામાં થઈ રહેલા આ ફેરફારો અંગે સુપ્રીમે ચિંતા વ્યક્ત કરી હતી. ઉત્તર પ્રદેશના સુલતાનપુરની રહેવાસી ૬૮ વર્ષીય સમતોલા દેવીની અરજી પર સુપ્રીમે આ સુનાવણી કરી હતી, સમતોલા દેવીએ પોતાના મોટા પુત્ર કૃષ્ણ કુમારને ઘરમાંથી કાઢી મુકવાની માગ કરી હતી. આ ઘર અરજદાર વૃદ્ધા અને તેના પતિના નામે છે, બન્ને વચ્ચે ત્રણ પુત્રો અને બે પુત્રીઓ છે. મોટા પુત્રએ વર્ષ ૨૦૧૪માં પિતા સાથે ઝઘડો કર્યો હતો, જેને લઈને પિતાએ એસડીએમ સુધી ફરિયાદ કરી હતી. બાદમાં માતા-પિતાએ ફેમેલી કોર્ટમાં અરજી કરીને પુત્રો પાસેથી ભરણપોષણની માગ કરી હતી. સાથે જ ઘર ખાલી કરાવવા ટ્રિબ્યૂનલમાં અપીલ કરી હતી.કોર્ટે મહિને ચાર હજાર રૂપિયા ભરણપોષણ આપવા પુત્રોને આદેશ કર્યો હતો. સાથે જ પિતાની સહમતિ વગર પુત્રો ઘરના કોઈ પણ હિસ્સા પર કબજો નહીં કરી શકે તેવો આદેશ આપ્યો હતો. પણ ઘર ખાલી કરવા આદેશ નહોતો થયો, સુપ્રીમે હાઈકોર્ટના આદેશને યોગ્ય ઠેરવ્યો હતો અને કહ્યું હતું કે આ મામલામાં માતા પિતા એ સાબિત ના કરી શક્યા કે તેમનું પુત્ર દ્વારા અપમાન થયું હતું કે તેમને ઉત્પિડનનો સામનો કરવો પડયો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે પરિવારના આ વિખવાદો અંગે ચિંતા વ્યક્ત કરી હતી .

હાઈકોર્ટમાં આપ્યો જવાબ

## સેન્સરશીપના આરોપો બાદ મસ્કની કંપની 'X' પર ભડકી કેન્દ્ર સરકાર

### ઈલોન મસ્કની કંપની એક્સે ભારત સરકાર પર સહયોગ પોર્ટલના માધ્યમથી સેન્સરશીપનો ગંભીર આરોપ લગાવ્યો હતો

(SSS) નવી દિલ્હી

ઈલોન મસ્કની કંપની એક્સે ભારત સરકાર પર સહયોગ પોર્ટલના માધ્યમથી સેન્સરશીપનો ગંભીર આરોપ લગાવ્યો હતો. જેના પર કેન્દ્ર સરકાર સખત વિરોધ નોંધાવ્યો છે. કર્ણાટક હાઈકોર્ટમાં કેન્દ્ર સરકારે ઈલોન મસ્કની કંપનીને જવાબ આપતાં આરોપોને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યા છે.

સરકારનો દાવો છે કે કંપનીએ IT નિયમોની કલમોની ખોટી વ્યાખ્યા કરી છે. સરકારની દલીલ છે કે કલમ ૬૯છ હેઠળ કેન્દ્ર સરકારને વિશિષ્ટ પરિસ્થિતિમાં આદેશ આપવાની સ્પષ્ટ અનુમતિ છે તથા ઓનલાઈન સામગ્રી પર પ્રતિબંધ પણ લગાવી શકે છે. આટલું જ નહીં એક્સે સરકારના સહયોગ પોર્ટલ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો જેના પર પણ સરકારે વિસ્તૃત જવાબ આપ્યો છે. સરકારની દલીલ છે કે આ પોર્ટલ ગેરકાયદે ઓનલાઈન સામગ્રી વિરુદ્ધ ત્વરિત કાર્યવાહી કરવા માટેનું મંચ છે. સહયોગ પોર્ટલને સેન્સરશીપ ટૂલ બતાવવું ભ્રામક છે. એક્સ જેવી વૈશ્વિક કંપનીનો આવો દાવો અત્યંત ખેદજનક અને અસ્વીકાર્ય છે.

ઈલોન મસ્કની કંપની X કોર્પે કર્ણાટક હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરીને કેન્દ્ર સરકાર સામે જ કેસ કર્યો છે. કંપનીએ ભારત સરકાર દ્વારા આઈટી અધિનિયમની ધારા ૭૯(૩)(બી)ના દુરુપયોગનો આરોપ લગાવ્યો છે. કંપનીનો આરોપ છે કે સરકાર ગેરકાયદે તથા અનિયમિત સેન્સરશીપ સિસ્ટમ બનાવી રહી છે. તથા ઠ પર કોન્ટેન્ટ બ્લોક કરીને પ્લેટફોર્મનું સંચાલન પ્રભાવિત કરાઈ રહ્યું છે. નોંધનીય છે કે આ અરજીમાં ૨૦૧૫ના શ્રેયા સિંઘલ કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાનું વર્ણન કરાયું છે. X કોર્પ કંપનીનું કહેવું છે કે સરકાર ધારા ૭૯(૩)(બી)ની ખોટી વ્યાખ્યા કરી રહી છે અને મનફાવે તેમ આદેશો આપી રહી છે, જે ધારા ૬૯એના નિયમોનું ઉલ્લંઘન છે. કોન્ટેન્ટ હટાવવા માટે લેખિતમાં કારણ બતાવવું આવશ્યક છે અને આદેશ આપતાં પહેલા સુનાવણીની વ્યવસ્થા કરવી જરૂરી છે. આટલું જ નહીં સરકારના આદેશને કાયદાકીય રીતે પડકાર પણ આપવાનો હક હોવો જોઈએ. જોકે સરકાર આ પ્રક્રિયાને નજર અંદાજ કરી રહી છે. આ મામલે આગામી સુનાવણી ૨૭મી માર્ચે થશે. નોંધનીય છે કે અગાઉ ૨૦૨૨માં પણ X કોર્પ કંપનીએ કેન્દ્ર સરકારના આદેશને કોર્ટમાં પડકાર આપ્યો હતો. તે સમયે કંપનીએ કહ્યું હતું કે સરકારના આદેશોમાં પારદર્શકતા નથી તથા અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન છે.

ધોની બહુ જલ્દી આવી ગયો...

## સેહવાગે માહીની જબરી મજાક ઉડાવી, ફેન્સ ભડક્યાં

### ધોની નવમા નંબરે બેટિંગ કરવા આવતા ઈરફાન પઠાણ, રોબિન ઉથપ્પા અને આકાશ ચોપરાએ ટીકા કરી હતી



(SSS) નવી દિલ્હી

ચેન્નાઈ સુપર કિંગ્સને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. RCBએ CSKને ૫૦ રનથી હરાવ્યું હતું. આ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી મહેન્દ્ર સિંહ ધોની નવમા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો. આ નિર્ણયની ઈરફાન પઠાણ, રોબિન ઉથપ્પા અને આકાશ ચોપરા જેવા પૂર્વ ક્રિકેટરોએ ટીકા કરી છે. હવે પૂર્વ ભારતીય ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગે એમએસ ધોની પર સવાલ ઉઠાવતા તેની જબરી મજાક ઉડાવી છે. વાસ્તવમાં વીરેન્દ્ર સેહવાગ ક્રિકબઝ પર પોતાની વાત રાખી રહ્યા હતા. તેણે કહ્યું કે, ધોની બહુ જલ્દી આવી ગયો.' ત્યારબાદ ત્યાં હાજર બધા હસવા લાગ્યા. પૂર્વ ભારતીય ક્રિકેટરે કહ્યું કે, જ્યારે તે આવ્યો ત્યારે ૧૬ ઓવર થઈ ગઈ હતી. સામાન્ય રીતે તે ૧૯મી કે ૨૦મી ઓવરમાં આવે છે. તે બહુ જલ્દી આવી ગયો. કાં તો તે જલ્દી આવી ગયો અથવા તો તેમના બેટ્સમેનોએ પોતાની વિકેટો જલ્દી ગુમાવી દીધી. હવે સોશિયલ મીડિયા પર વીરેન્દ્ર સેહવાગનો આ વીડિયો વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. શુક્રવારે RCBએ CSKને ૫૦ રનથી હરાવ્યું હતું. RCBએ પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૯૭ રનનો સ્કોર બનાવ્યો હતો. RCB માટે કેપ્ટન રજત પાટીદારે ૩૨ બોલમાં સૌથી વધુ ૫૧ રન બનાવ્યા હતા. આ ઉપરાંત ફિલ સોલ્ટે ૧૬ બોલમાં ૩૨ રનની ઈનિંગ રમી હતી. ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી નૂર અહેમદે સૌથી વધુ ૩ વિકેટ ખેરવી હતી. RCBના ૧૯૭ રનના જવાબમાં બેટિંગ કરવા ઉતરેલી ચેન્નાઈ સુપર કિંગ્સ ૨૦ ઓવરમાં ૮ વિકેટ પર માત્ર ૧૪૬ રન જ બનાવી શકી. આમ RCBએ ૫૦ રનથી મોટી જીત નોંધાવી.

મને ખોટો જ ફસાવ્યો : શરીફુલ

## સૈફ અલી ખાન પર હુમલો કરનારા શરીફુલે કોર્ટમાં માગ્યા જામીન

### ઈસ્લામના વકીલે કહ્યું કે તેમના અસીલ સામે ખોટો કેસ નોંધવામાં આવ્યો છે તે કોઈ ગુનામાં સંડોવાયેલો નથી

(SSS) મુંબઈ

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી શરીફુલ ઈસ્લામ શહજાદે મુંબઈ સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો છે કે તેણે કોઈ ગુનો કર્યો નથી. જામીન અરજીમાં તેણે દાવો કર્યો મારા પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે અને મને ફસાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું છે. ઈસ્લામના વકીલે કહ્યું કે તેમના અસીલ સામે ખોટો કેસ નોંધવામાં આવ્યો છે. તે ક્યારેય કોઈ ગુનામાં સંડોવાયેલો નથી. શરીફુલના વકીલનું કહેવું છે કે શરીફુલ ઈસ્લામે અત્યાર સુધી તપાસમાં સહકાર આપ્યો છે. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તપાસ ટીમે સીસીટીવી ફૂટેજ અને કોલ રેકોર્ડિંગ સહિત તમામ પુરાવા એકત્રિત કર્યા છે. આવી સ્થિતિમાં, આરોપી પુરાવા સાથે છેડછાડ કરે તેવી કોઈ શક્યતા નથી. ઈસ્લામ પર ૧૬ જાન્યુઆરીની રાત્રે લૂંટના ઈરાદાથી સૈફ અલી ખાનના ઘરમાં પ્રવેશવાનો આરોપ છે. તેણે સૈફ અલી ખાન અને તેની નોકરાણી ગીતા પર હુમલો કર્યો હતો. એવો આરોપ છે કે ઈસ્લામે લાકડી અને હેકસા બ્લેડથી હુમલો કર્યો હતો. આ ઘટના બાદ સૈફ અલી ખાનને ગંભીર ઈજાઓ થઈ હતી. તેને ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં દાખલ રહેવું પડ્યું હતું અને તેના શરીર પર અનેક ઘા પડી ગયા હતા. ત્યારપછી સર્જરી કરવાની નોબત આવી હતી. સૈફ અલી ખાનના સ્ટાફ સભ્ય અલીમા ફિલિપ સામે પણ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસ બાંદ્રા મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી રહ્યો છે. જયારે શરીફુલની જામીન અરજીમાં કહેવામાં આવ્યું છે કે સજા સંભળાવવામાં આવે તે પહેલાં જ ઈસ્લામને આ રીતે સજા આપવાથી કોઈ હેતુ પૂરો થતો નથી. બાંદ્રા પોલીસે હજુ સુધી આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી નથી. કોર્ટ ટૂંક સમયમાં ઈસ્લામની જામીન અરજી પર સુનાવણી કરી શકે છે.

## કેજરીવાલે વિક્રમ ઠાકરોને દિલ્હી મળવા બોલાવ્યા હોવાનો દાવો

(SSS) અમદાવાદ,

શું ગુજરાતના રાજકારણમાં આવનારા દિવસોમાં મોટા પરિવર્તનો થવા જઈ રહ્યા છે? શું ફરી એક વાર ગુજરાતમાં થર્ડ ફ્રન્ટ તૈયાર થઈ રહ્યો છે? વિધાનસભા ચૂંટણીમાં ભૂંડી હાર બાદ આમ આદમી પાર્ટી ગુજરાતમાં દેખાતી નથી, પણ તાજેતરમાં વિક્રમ ઠાકોરના કિસ્સાને લઈ આપ પાર્ટીને આ મુદ્દાને હાથોહાથ ઉપાડી લીધો છે? કેમ કે ગુજરાતમાં હાલમાં મીડિયા રિપોર્ટના અનેક અહેવાલો અનુસાર એવું જાણવા મળે છે કે સરકારથી નારાજ થયેલા ગુજરાતના દિગ્ગજ કલાકાર અને ફિલ્મ અભિનેતા વિક્રમ ઠાકોર રાજકારણમાં જોડાવાના હોવાની વાતો વહેતી થઈ છે. આ અંગે દિલ્હીથી અરવિંદ કેજરીવાલે તેમને મળવા બોલાવ્યા હોવાની વાતો પણ થવા લાગી છે. જો કે આ વાતમાં કેટલું તથ્ય છે, એતો આવનારો સમય જ બતાવશે. પણ તાજેતરમાં મીડિયા રિપોર્ટ અનુસાર આવી વાતો સામે આવી છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, અભિનેતા વિક્રમ ઠાકોર સાથે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વાત કરી છે. કેજરીવાલે વિક્રમ ઠાકરોને મળવા માટે દિલ્હી બોલાવ્યા છે. ગુજરાતના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ અરવિંદ કેજરીવાલની વાતચીત વિક્રમ ઠાકોર સાથે કરાવી છે. હવે જોવાનું એ રહેશે કે શું વિક્રમ ઠાકોર કેજરીવાલને મળવા માટે દિલ્હી જાય છે કે નહીં, આવનારા દિવસોમાં તેઓ રાજકારણમાં જોડાય છે કે નહીં, ગુજરાતના રાજકારણમાં કોઈ મોટા ફેરફાર જોવા મળશે, કે પછી થર્ડ ફ્રન્ટ તૈયાર થશે કે નહીં, એતો હવે જોવાનું રહ્યું.

દિલ્હી હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

## ફૂડ બિલના સર્વિસ ચાર્જની ચૂકવણી સ્વૈચ્છિક, ગ્રાહક પર લાદી ન શકાય

### નેશનલ રેસ્ટોરા ફોરમને કોર્ટે ગ્રાહક કલ્યાણ ભંડોળમાં જમા કરાવવા એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

(SSS) નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે ફૂડ બિલના સર્વિસ ચાર્જની ચૂકવણી સ્વૈચ્છિક છે અને રેસ્ટોરા તેને ગ્રાહકો પર લાદી ન શકે. આ ચુકાદો આપતા ન્યાયાધીશ પ્રતિભા એમ સિંઘે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેકશન ઓથોરિટી (સીસીપીએ)ની હોટેલ્સ અને રેસ્ટોરાને ફૂડ બિલ્સનો સર્વિસ ચાર્જ વસૂલવા રોકતી માર્ગદર્શિકાઆને પડકારતી બંને અરજી ફગાવી દીધી હતી.

કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે ફૂડ બિલ્સ પર ફરજિયાત ધોરણે સર્વિસ ચાર્જનું કલેકશન ગ્રાહક અધિકારનો અને કાયદાનો ભંગ છે. ગ્રાહક તેની ઈચ્છા હોય તો ટિપ આપે, તેના માટે તેને ફરજ પાડી ન શકાય. કોર્ટે જણાવ્યું હતું કે ફૂડ બિલ પર સર્વિસ ચાર્જની ફરજિયાત ઉઘરાણી ગેરમાર્ગે દોરનારી છે અને નિરાશાજનક છે. તેના દ્વારા ગ્રાહક પર તેવી સમજ ઊભી થાય છે કે તેના પર કોઈને કોઈ સ્વરુપમાં સર્વિસ ટેક્સ કે જીએસટી લાદવામાં આવી રહ્યો છે.

કોર્ટે જણાવ્યું હતું કે રેસ્ટોરાઓ આ પ્રકારની રીતરસમ અપનાવતી હોય તો તે અયોગ્ય રીતરસમ છે અને ફૂડ બિલ સર્વિસ ચાર્જને ફરજિયાત ધોરણે ઉમેરી શકાય નહીં.

ફેડરેશન ઓફ હોટેલ્સ એન્ડ રેસ્ટોરા એસોસિયેશન ઓફ ઈન્ડિયા અને નેશનલ રેસ્ટોરા એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ ૨૦૨૨માં ફૂડ બિલ સર્વિસ ચાર્જને ફરજિયાત કરવા અરજી કરી હતી.

કોર્ટે આ અંગે ગ્રાહક અધિકાર પંચની માર્ગદર્શકાઓ માનય રાખી હતી અને બંને અરજદારને સીસીપીએ સમક્ષ ગ્રાહક કલ્યાણ પેટે રુ. એક-એક લાખ જમા કરાવવા આદેશ આપ્યો હતો. કોર્ટનું તારણ હતું કે સીસીપીએ ફક્ત એડવાઈઝરી બોડી જ નથી, તેની પાસે અયોગ્ય વેપારી રીતરસમ રોકવા માટે માર્ગદર્શિકાઓ જાહેર કરવાની સત્તા છે અને તેણે ગ્રાહકના હિતનું રક્ષણ કરવાનું હોય છે.

સીસીપીએ પાસે સીપીએ ૨૦૧૯ હેઠળ માર્ગદર્શિકાઓ પસાર કરવાની સત્તા છે. ગાઈડલાઈન્સ જારી કરવી તે સીસીપીએની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ છે. બધી જ રેસ્ટોરાએ તેનું પાલન કરવાનું છે, એમ કોર્ટે જણાવ્યું હતું. કોર્ટે ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સીસીપીએ ૪ જુલાઈ ૨૦૨૨ના રોજ જારી કરેલી માર્ગદર્શિકામાં એક મહિના પછી કોર્ટે પ્રતિબંધ મૂક્યો હતો.

## ઈડરમાં થયેલી ૧૫ લાખની લૂંટના કેસમાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા

(SSS) ઈડર,

ગુજરાતમાં પણ અવારનવાર ચોરી, લૂંટની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સાબરકાંઠાના ઈડરમાં સત્યમ ચોકડી પાસે થયેલી ૧૫ લાખ રુપિયાની લૂંટનો કેસ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલ્યો હતો. LCBએ આ કેસમાં બે આરોપીઓને હિંમતનગર નજીકથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ૧૧ લાખ ૮૬ હજાર રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. લૂંટ બાદ આરોપીઓ ગાંધીનગર અને અમદાવાદમાં છુપાયા હતા.પરંતુ હિંમતનગર પહોંચતાં જ તેઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા. લૂંટનો માસ્ટરમાઈન્ડ વિવેક શાહ હોવાનું સામે આવ્યું છે. જે અગાઉ ભરૂચમાં થયેલી એક લૂંટમાં પણ સંડોવાયેલો હતો.પોલીસે આરોપીઓને પકડીને લૂંટેલી રકમનો મોટો ભાગ પાછો મેળવી લીધો છે. થોડા દિવસ અગાઉ સાબરકાંઠાના ઈડરમાં સત્યમ ચોકડી પાસે લૂંટની ઘટના બની હતી. ૨ લૂંટારુ બાઈક સવારોના ઝઝૂફ સામે આવ્યા હતા. ૧૫ લાખ લઈને બેક્રમાં ભરવા જતા યુવકને લૂંટ્યો હતો. બેક્ર નજીક જ યુવક પાસેથી રુપિયા તફડાવી ૨ ઈસમો ફરાર થયા હતા. CCTVના આધારે ઈડર પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં લોકલ ક્રાઈમ બ્રાંન્ચે ઉકેલ્યો છે. મળતી માહિતી અનુસાર યુવાન તેની કંપનીના બેક્ર એકાઉન્ટમાંથી રુપિયા ૨૦ લાખ ઉપાડી અન્ય બેક્રમાં જમા કરાવવા નીકળ્યો હતો. એક બેક્રમાં તેણે પાંચ લાખ રુપિયા જમા કરાવી દીધા હતા.

સલમાન સાથે ફિલ્મ કરવા પર શું બોલી રશ્મિકા મંદાના

## મને સલમાન સાથે ફિલ્મ કેવી રીતે મળી તે અંગે હું હેરાન હતી

### રશ્મિકાએ સલમાનના પણ ખૂબ વખાણ કર્યા : રશ્મિકાએ જણાવ્યું કે, સલમાન સેટ પર મારું ખૂબ ધ્યાન રાખતા હતા

(SSS) મુંબઈ

સલમાન ખાન અને રશ્મિકા મંદાના પહેલી વાર સિકંદર ફિલ્મમાં એક સાથે જોવા મળશે. આ જોડીને પડદા પર જોવી ચાહકો માટે ખૂબ જ રિફ્રેશિંગ હશે. પરંતુ ૩૧ વર્ષના ઉંમરના તફાવતને કારણે સલમાન અને રશ્મિકા મંદાનાની ઓનસ્ક્રીન જોડી પર સવાલો પણ ઉઠી રહ્યા છે. બીજી તરફ હવે રશ્મિકાએ જણાવ્યું કે, જ્યારે મને સલમાન સાથે ફિલ્મની ઓફર કરવામાં આવી ત્યારે મારું પહેલું રિએક્શન શું હતું?

એક ઈન્ટરવ્યૂમાં રશ્મિકા મંદાનાએ ફિલ્મ સિકંદરમાં સલમાન ખાન સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. એક્ટ્રેસે એ પણ જણાવ્યું કે, જ્યારે મને સલમાન ખાન સાથે ફિલ્મ ઓફર થઈ તો હું ખુદને જ એ સવાલ કરવા લાગી કે, મને સલમાન સાથે ફિલ્મ કેવી રીતે મળી ગઈ. આ સાથે જ હું હેરાન રહી ગઈ હતી. સલમાન ખાન સાથે સ્ક્રીન શેર કરવા અંગે રશ્મિકા મંદાનાએ કહ્યું કે, જ્યારે મને પહેલીવાર સિકંદર માટે કોલ આવ્યો હતો, તો તે મારા માટે ખૂબ જ આશ્ચર્યજનક ક્ષણ હતી, કારણ કે પહેલા હું એક્ટર બનવા નહોતી માગતી, પરંતુ કોઈક રીતે બની ગઈ. આ મુકામ પર પહોંચવું, જ્યારે તમને સલમાન ખાન સાથે કામ કરવાની તક મળે છે, ત્યારે એક એક્ટર તરીકે તમને લાગે છે કે તમે ચોક્કસ સારું કામ કર્યું હશે, કારણ કે જો તમે તે ન કર્યું હોત, તો તમને આ તક ન મળી હોત. સિકંદર ફિલ્મ કરવા પર રશ્મિકા બોલી કે, જ્યારે મને સિકંદર માટે કોલ આવ્યો, ત્યારે મને ખબર હતી કે હું કોમર્શિયલ ફિલ્મો કરવા માગુ છું, પરંતુ મને કોમર્શિયલ ફિલ્મોમાં ડેપ્થ જોઈતું હતું. મને કોમર્શિયલ ફિલ્મોમાં ઈમોશન્સ જોઈતા હતા. એટલા માટે આ ફિલ્મે મને આકર્ષિત કરી. સાજિદ સરે સૌથી પહેલા મને ફિલ્મ માટે કોલ કર્યો હતો. તેમણે મને કહ્યું કે, તારા માટે કંઈક ખૂબ જ એક્સાઈટિંગ છે. તે સમયે મને કાસ્ટ અંગે કંઈ ખબર નહોતી. મેં કહ્યું કે મને નેરેશન જોવા દો. તે સમયે હું બીજા કોઈ પ્રોજેક્ટ માટે શૂટિંગ કરી રહી હતી. જ્યારે મને પહેલી વખત સ્ટોરી નરેટ કરવામાં આવી, તો મને ફિલ્મની સ્ટોરીથી પ્રેમ થઈ ગયો. પછી મેં તેમને સ્ટાર કાસ્ટ વિશે પૂછ્યું. જ્યારે તેમણે સલમાન ખાનનું નામ મેન્શન કર્યું તો હું ખુદને જ સવાલ કરવા લાગી કે, આ ફિલ્મ મારી પાસે કેવી રીતે પહોંચી ગઈ. રશ્મિકાએ જણાવ્યું કે, હું પહેલા એક્ટર બનવા નહોતી માગતી, પરંતુ મારી કિસ્મતમાં એક્ટર બનવાનું લખ્યું હતું. કેટલીક એવી બાબતો બની કે મારી ઈચ્છા ન હોવા છતાં પણ હું એક્ટર બની ગઈ. મારા માટે એક્ટર બનવાની જર્ની બિલકુલ પણ સરળ નહોતી. અહીં સુધી પહોંચવા માટે મેં સખત મહેનત કરી છે. રશ્મિકાએ સલમાનના પણ ખૂબ વખાણ કર્યા. રશ્મિકાએ જણાવ્યું કે, સલમાન સેટ પર મારું ખૂબ ધ્યાન રાખતા હતા. સલમાન સર હંમેશા કહેતા હતા કે કંઈક ખાઈ લો. કંઈક પી લો. શું હું તને કંઈક લાવી આપું? આ એવી બાબતો છે જે તમને એક સારા વ્યક્તિ બનાવે છે. મારા માટે એક્ટર્સ કરતાં વધુ માણસો વધુ મહત્વપૂર્ણ છે. એઆર મુરુગાદોસના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મ પાસેથી દરેકને ઘણી અપેક્ષાઓ છે. સિકંદરને લઈને ચાહકો પણ સુપરએક્સાઈટેડ છે.

## ફ્લાઈટના બાથરૂમમાં સુરતી યુવકે બીડી સળગાવી

(SSS) સુરત

નવસારીમાં રહેતા યુવકે સુરત એરપોર્ટ પરથી કોલકાતા જવા માટે ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ બુક કરાવી હતી. એરપોર્ટ પર ફ્લાઈટ ઉભી હતી ત્યારે યુવકે બાથરૂમમાં જઈ બીડી સળગાવી સ્મોકિંગ કર્યું હતું. જેના કારણે યુવકે ફ્લાઈટમાં સવાર ૬૦થી વધુ પેસેન્જરરોના જીવ જોખમમાં મૂકી દીધા હતા. જોકે બાદમાં સિક્યુરિટીને બાથરૂમમાંથી ધુમાડો નીકળવાની જાણ થતા તેઓએ તાત્કાલિક યુવકને ઝડપી પાડ્યો હતો અને ડુમસ પોલીસને જાણ કરી યુવકને પોલીસના હવાલે કરી દીધો હતો. ત્યારે બીજી તરફ ડુમસ એરપોર્ટ પર ચેકિંગ કરતા સીઆઈએસએફના જવાનો સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. યુવક ફ્લાઈટની અંદર સુધી બીડી અને માસીચ કેવી રીતે લઈ ગયો તે પણ સવાલો ઉઠી રહ્યા છે. ઈન્ડિગો એર લાઈન્સની ફ્લાઈટ સુરતથી કોલકત્તા વાય જયપુરનો ડીપાર્ચર ટાઈમ ૧૬.૩૫ વાગ્યાનો હતો. જોકે, ટેકનિકલ ખામીના કારણે ફ્લાઈટ સમયસર ડીપાર્ચર થઈ ન હતી. જેથી એરસાઈડ એરિયા ખાતે ફ્લાઈટની તપાસ થતી હતી.

ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન શેન વોટસને કહ્યું

## ધોની પહેલા બેટિંગ કરવા આવ્યો હોત તો કદાચ ચેન્નાઈની જીતની ટકાવારી વધી હોત

### મારું માનવું છે કે તેણે રવિચંદ્રન અશ્વિન પહેલાં બેટિંગ કરવા આવવું જોઈતું હતું : ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન

(SSS) નવી દિલ્હી,

ગયા શુક્રવારે, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરુએ ચેન્નાઈ સુપર કિંગ્સને ૫૦ રનથી હરાવ્યું. આ મુકાબલામાં, જ્યારે CSK ને ઝડપથી રન બનાવવાની જરૂર હતી, ત્યારે રવિચંદ્રન અશ્વિનને બેટિંગ માટે મોકલવામાં આવ્યો. સોશિયલ મીડિયા પર બેટિંગ ઓર્ડર અંગે ચર્ચા ચાલી રહી છે કે ચેન્નાઈની હાર પાછળનું કારણ એમએસ ધોનીનું ૯ નંબર પર બેટિંગ કરવા આવવું છે. પરંતુ આ દરમિયાન, ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન શેન વોટસને, જે RCB અને CSK બંને માટે રમી ચૂક્યા છે, ધોનીના બેટિંગ ક્રમ વિશે એક મોટું નિવેદન આપ્યું છે. શેન વોટસન માને છે કે જો ધોની પહેલા બેટિંગ કરવા આવ્યો હોત તો કદાચ ચેન્નાઈની જીતની ટકાવારી વધી હોત. તેમણે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની રણનીતિ પર પણ સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે તેમણે 'થાલા'ને આટલા નીચલા ક્રમમાં બેટિંગ કરવા માટે મોકલવો જોઈતો ન હતો. જિયો હોટસ્ટાર પર વાત કરતા શેન વોટસને કહ્યું, "CSK ચાહકો ખરેખર ધોનીને ૧૬ બોલમાં ૩૦ રન બનાવતા જોવા આવે છે. મને વ્યક્તિગત રીતે તેને ઉપરના ક્રમમાં બેટિંગ કરતો જોવાનું ગમ્યું હોત. મારું માનવું છે કે તેણે રવિચંદ્રન અશ્વિન પહેલાં બેટિંગ કરવા આવવું જોઈતું હતું. મેચની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, ધોની ૧૫ વધુ બોલ માટે આ જ શૈલીમાં રમી શક્યો હોત." શેન વોટસને એમ પણ કહ્યું કે જો ધોની ઉપર બેટિંગ કરવા આવ્યો હોત તો કદાચ ચેન્નાઈ સુપર કિંગ્સની જીતની શક્યતા વધી ગઈ હોત. તેમણે કહ્યું કે ધોનીએ ફટકારેલા ચોગ્ગા અને છગ્ગા દર્શકોને ચોક્કસ ગમ્યા હશે. પરંતુ જો ધોની પહેલા બેટિંગ કરવા આવ્યો હોત તો કદાચ ઝજીદ્ધ જીતી શક્યું હોત. ધોનીએ ૧૬ બોલમાં ૩૦ રનની ઈનિંગ દરમિયાન ૩ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આજે ચેન્નાઈ સુપર કિંગ્સને તેમના જ ઘરઆંગણે હરાવીને એક અવિશ્વસનીય જીત મેળવી. ચેપોકના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાયેલી IPL 2025ની આ મેચમાં RCBએ CSKને ૫૦ રનથી પરાજય આપ્યો હતો. આ જીત એટલા માટે પણ ખાસ છે કારણ કે RCBએ ૧૭ વર્ષ પછી ચેન્નાઈના આ ગઢમાં વિજય મેળવ્યો છે. IPL 2025માં RCBની આ સતત બીજી જીત છે. આ પહેલા તેણે પોતાની પ્રથમ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને ૭ વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન હાંસલ કરી લીધું છે. RCB પોતાની બંને મેચ જીતીને હાલમાં ટેબલ ટોપર છે.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### સ્થાનિકોમાં રોષ, વિરોધ પ્રદર્શનને પગલે પોલીસ તૈનાત

# જયપુરમાં વીર તેજાજી મહારાજની મૂર્તિ તોડતા ભારે હોબાળો થયો

## સાંગાનેર વિસ્તારના પ્રતાપનગર સેક્ટર -૩માં વીર તેજાજી મહારાજની મૂર્તિને અસામાજિક તત્ત્વો દ્વારા તોડાઈ




(SSS) જયપુર

જયપુરના સાંગાનેર વિસ્તારના પ્રતાપનગર સેક્ટર -૩માં વીર તેજાજી મહારાજની મૂર્તિને અસામાજિક તત્ત્વો દ્વારા તોડી પાડવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. રોષે ભરાયેલા લોકોએ જયપુર-ટોંક રોડ પર બજાર બંધ કરાવીને ટાયર સળગાવીને વિરોધ પ્રદર્શન કર્યો છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસ ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવી છે. નાગોરના સાંસદ હનુમાન બેનીવાલે આ ઘટનાની નિંદા કરી હતી. આ સાથે તેમણે જયપુર પોલીસ કમિશનરને આરોપીને ઝડપીને કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. તેમણે કહ્યું કે, અસામાજિક તત્ત્વો દ્વારા આવી હરકત શ્રદ્ધાળુઓની મજાક છે, જેને સહન કરવામાં આવશે નહીં. રાજસ્થાન સરકારે માર્ચ, ૨૦૨૩માં વીર તેજાજી કલ્યાણ બોર્ડની રચના કરવાની જાહેરાત કરી હતી. જેનો ઉદ્દેશ્ય સમાજની સ્થિતિનો અભ્યાસ કરીને પછાતપણું દૂર કરવા માટે સૂચનો આપવાનો છે. જ્યારે વીર તેજાજીની મૂર્તિ તોડવા મામલે તંત્રએ ખાતરી આપી છે કે, આરોપીને જલ્દીથી ઝડપી પાડવામાં આવશે. સમગ્ર મામલે પોલીસ સીસીટીવી ફૂટેજ તપાસી રહી છે. અત્યારસુધીમાં આ મામલે કોઈને ધરપકડ કરાઈ નથી. કયા કારણોસર ઘટના ઘટી તેને લઈને પોલીસ તપાસ કરી રહી છે.

### હવામાન વિભાગનું મોટું એલર્ટ

# ગુજરાતના ૨૦ થી વધુ જિલ્લામાં ગાજવીજ સાથે ત્રાટકશે વરસાદ

(SSS) અમદાવાદ,

ગુજરાતના વાતાવરણમાં મોટી હલચલ થવા જઈ રહી છે. વાતાવરણ અંગે હવામાન વિભાગની આગાહી આવી ગઈ છે. સાથે જ આ આગાહી ખેડૂતો માટે માઠા સમાચાર બનીને આવી છે. રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે.

હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા ગુજરાતમાં માવઠાની આગાહી કરી છે. આ આગાહી ખેડૂતો માટે ચિંતાતુર બની રહેવાની છે. કારણ કે, ખેડૂતોના ઉનાળુ વાવેતરને તેની મોટી અસર થઈ શકે છે. હવામાન વિભાગે ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન ગુજરાતમાં માવઠાની આગાહી કરી છે.

રાજ્યના આ જિલ્લામાં હળવા વરસાદની આગાહી

૩૧ માર્ચ, ૨૦૨૫ : નર્મદા અને તાપીમાં વરસાદની આગાહી

૧ એપ્રિલ, ૨૦૨૫ : અમરેલી, ભાવનગર અને સુરત, તાપી, નવસારી નર્મદા, છોટાઉદેપુર, ડાંગ, વલસાડમાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી.

૨ એપ્રિલ, ૨૦૨૫ : સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, આણંદ, વડોદરા, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી ગાજવીજ સાથે છુટાછવાયા વરસાદની આગાહી.

૩૦ માર્ચે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની શક્યતા છે. લગભગ સામાન્ય પવન ૧૦થી ૧૫ કિમી ઝડપે પવન ફૂંકાશે. દરિયાઈ ભાગો વિસ્તારમાં ૪૦ કિમી ઝડપે પવનની ગતિ રહેશે.

### અમેરિકા પહોંચે તે પહેલા પોલીસ પહોંચી

# અમદાવાદના મુસ્લિમ દંપતીએ હિન્દુ નામથી બનાવ્યો પાસપોર્ટ

## વિદેશ જવા બોગસ પાસપોર્ટ કઢાવનાર અમદાવાદના દંપતીની ધરપકડ : બોગસ પાસપોર્ટ કઢાવ્યો હોવાની કબુલાત કરી

(SSS) અમદાવાદ

ડુપ્લીકેટ પાસપોર્ટથી અમેરિકા પહોંચે એ પહેલા આરોપીને જેલમાં જવાનો વારો આવ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પતિ પત્ની વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. અંદાજે ૨૭ વર્ષ પહેલા બનાવેલા બનાવટી પાસપોર્ટ અંગે ગુનો દાખલ કરી ક્રાઈમ બ્રાન્ચે પતિની ધરપકડ કરી છે. સાથે જ ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવનાર એજન્ટની પણ તપાસ શરુ કરાઈ છે.

અમદાવાદના રાજેશ સાબુવાલાએ વર્ષ ૧૯૯૮માં હૈદરાબાદના એડ્રેસ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવીને અમેરિકા જવાની તૈયારી કરી રહેલા દંપતી વિરુદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરી છે. પકડાયેલ આરોપી રાજેશ સાબુવાલાએ તેની પત્ની સલીમા સાબુવાલાએ ખોટા નામ ધારણ કર્યું હતું. હૈદરાબાદના વ્યક્તિ રાજેશ અગ્રવાલ અને રાધિકા અગ્રવાલ નામે બોગસ પાસપોર્ટ બનાવ્યા હતા. આ પાસપોર્ટના આધારે અમેરિકા વિઝા માટે નોંધણી કરાવી હતી. જોકે વિઝા રદ થતા દંપતી પોતાના અસલ પાસપોર્ટ બનાવીને ફરી વખત અમેરિકા જવાનો પ્રયત્ન કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. જે અંગે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોધી રાજેશ સાબુવાલા ધરપકડ કરી છે.

આ વિશે માહિતી આપતા ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જયેશ મકવાણાએ જણાવ્યું કે, દંપતીએ અમેરિકાના વિઝા મેળવવા માટે બંને વખત પોતાના ઓરિજનલ ફોટો રજૂ કર્યો હતો. જોકે પાસપોર્ટમાં તેમના નામ અલગ અલગ હોવાથી બોગસ પાસપોર્ટની શંકા સામે આવી હતી. જે માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરતા વર્ષ ૧૯૯૮ માં હૈદરાબાદના એજન્ટ પાસેથી બોગસ પાસપોર્ટ કઢાવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે પાસપોર્ટ પર વિઝા ન મળતા આરોપીએ પાસપોર્ટનો નાશ કર્યો હોવાની કબૂલાત કરી છે. જેથી આરોપી પાસપોર્ટ ક્યાં એજન્ટ પાસેથી બનાવ્યો અને ક્યાં ક્યાં બોગસ દસ્તાવેજનો ઉપયોગ કર્યો હતો છે સાથે જ કેટલા રૂપિયાની આપલે કરવામાં આવી છે તેને લઈ તપાસ શરૂ કરી છે. આરોપી રાજેશ સાબુવાલા જમાલપુર ખાતે વર્ષોથી ચશ્માની દુકાન ધરાવે છે અને પત્ની સલીમા ગૃહિણી છે. જોકે ચોંકાવનારી હકીકત એ છે કે, મુસ્લિમ દંપતીએ હિન્દુ નામ ધારણ કરીને બોગસ પાસપોર્ટ બનાવ્યો હતો તેના પાછળનું કારણ શું છે એ જાણવા પણ પોલીસે કવાયત શરુ કરી છે. હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

### ૧૫ દિવસોમાં બમણાં ફોર્મ ભરાયાં

# RTE અંતર્ગત ૬ લાખની આવક મર્યાદામાં વધારો થતા પ્રવેશ માટે વાલીઓનો ધસારો

## ૧૫ દિવસમાં જ ડબલ ફોર્મ ભરાઈ ગયા છે અને હજુ આગામી ૧૫ દિવસોમાં આ આંકડો વધવાની શક્યતા

(SSS) અમદાવાદ,

RTE હેઠળ પ્રવેશ માટેના ફોર્મ ભરવાની ઓનલાઈન પ્રક્રિયા ચાલી રહી છે અને આગામી ૧૫ એપ્રિલ સુધી આ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન ચાલવાની છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે RTE અંતર્ગત પ્રવેશ માટે સરકાર દ્વારા આવક મર્યાદા ૬ લાખ સુધીની કરવામાં આવતા પ્રવેશ માટે વાલીઓનો ધસારો વધ્યો છે. કારણ કે RTE હેઠળ ૧૫ દિવસમાં જ ડબલ ફોર્મ ભરાઈ ગયા છે અને હજુ આગામી ૧૫ દિવસોમાં આ આંકડો વધવાની શક્યતા છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE) અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ માટે નબળા અને વંચિત જૂથના બાળકોને વિનામૂલ્યે ખાનગી શાળામાં ધોરણ ૧માં પ્રવેશ આપવાની પ્રક્રિયા રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. રાજ્યમાં અંદાજે ૯૦ હજાર બેઠકો માટે પ્રથમ રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવી રહી છે. જોકે પ્રવેશ પ્રક્રિયા શરૂ થયાના અમુક દિવસમાં જ સરકાર દ્વારા RTE માં પ્રવેશ માટે આવક મર્યાદા ૬ લાખ કરવામાં આવી. જેને લઈને આખી પ્રક્રિયા નવેસરથી શરૂ કરવામાં આવી. કારણ કે અગાઉ RTE માં પ્રવેશ માટે શહેરી વિસ્તાર માટે ૧ લાખ ૫૦ હજાર હતી જ્યારે ગ્રામ્ય માટે ૧ લાખ ૨૦ હજાર હતી. પરંતુ આવક મર્યાદા ૬ લાખ સુધીની કરવામાં આવતા ઈઈ પ્રવેશ માટે ધસારો વધ્યો છે. માત્ર ૧૫ દિવસોમાં જ અમદાવાદમાં પ્રાથમિક ધોરણ ૧ માં પ્રવેશ માટે ૩૧ હજાર ફોર્મ ભરાઈ ગયા છે. જેની સામે અમદાવાદ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ માં માત્ર ૧૪ હજાર ૬૦૦ બેઠકો જ છે. એટલે કે માત્ર ૧૫ દિવસોમાં જ બમણાં ફોર્મ ભરાયાં છે. અને હજુ આ પ્રવેશ પ્રક્રિયા ૧૫ એપ્રિલ સુધી ચાલવાની છે ત્યારે હજુ ઘણા એવા વાલીઓ છે કે જેઓને ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા વાલીઓને આવકનો દાખલો કઢાવવાનો બાકી છે કે પછી એ કાર્ય પ્રોસેસમાં છે ત્યારે હજુ બાકીના ૧૫ દિવસમાં આ ફોર્મ ભરાવાની સંખ્યામાં વધારો થશે તે નક્કી છે. અમદાવાદ જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે RTE માં પ્રવેશ માટે આવક મર્યાદા છ લાખની કરવાની સાથે જ ફોર્મ ભરવાની પ્રક્રિયા માટે સમય મર્યાદા પણ વધારવામાં આવી હતી એટલે હજુ ૧૫ એપ્રિલ સુધીનો સમય વાલીઓ પાસે છે. ત્યારબાદ જે ફોર્મ ભરાઈને આવશે તેની ચકાસણી કરવામાં આવશે અને તેની સ્ક્રુટિની પણ કરવામાં આવશે. અને ત્યારબાદ નિયમ પ્રમાણે પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.

### ૧૮૩૦૦ બોટલો જપ્ત કરવામાં આવી

# નિકોલમાંથી ઝડપાયો રૂ, ૪૩ લાખની કિંમતનો દારૂ

(SSS) અમદાવાદ

ગુજરાતમાં વધુ એક વખત દારૂબંધી માત્ર કાગળ પર હોવાનું સાબિત થયું છે.

અમદાવાદના નિકોલમાંથી ૪૩ લાખની કિંમતના દારૂ સાથે ૧ આરોપી પકડાયો છે. નિકોલ વિસ્તારમાં દાસ્તાન સર્કલ પાસે PCBએ બાતમીના આધારે દરોડા પાડીને કન્ટેનરમાં થતી દારૂની હેરફેરનો પર્દાફાશ કર્યો છે.

૪૩ લાખથી વધુની કિંમતની ૧૮ હજાર ૩૦૦ બોટલ દારૂ જપ્ત કરાયો છે..દારૂનો જથ્થો, કન્ટેનર સહિત ૭૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો છે. પોલીસે અણદારામ જાટ નામના ડ્રાઈવરની ધરપકડ કરી છે. તેમજ વિદેશી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનારની શોધખોળ શરૂ કરી છે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, વર્ષ ૨૦૨૪માં કરોડો રૂપિયાનો ગેરકાયદેસર દારૂ પકડાયો હતો.સ્ટેટ મોનિટરિંગ સેલે વર્ષ ૨૦૨૪ દરમિયાન રાજ્યભરમાં દરોડા પાડીને કુલ ૪૫૫ કેસ નોંધ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કુલ ૨૨ કરોડ, ૫૧ લાખથી વધુની કિંમતનો દારૂ ઝડપાયો હતો. એટલું જ નહીં, પોલીસે કુલ ૫૧ કરોડ, ૯૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો. રાજ્યના ચાર મોટા શહેરોમાં પણ ગેરકાયદેસર દારૂનું વેચાણ મોટા પ્રમાણમાં થતું હોવાનું સામે આવ્યું હતું. આ ચાર મહાનગરોમાંથી કુલ ૨ કરોડ, ૬૦ લાખથી વધુનો દારૂ વર્ષ ૨૦૨૪ દરમ્યાન પકડાયો હતો, જેમાં સૌથી વધુ દારૂ વડોદરા શહેરમાંથી ઝડપાયો છે. ચાર મહાનગરો ઉપરાંત, મહેસાણા, વડોદરા ગ્રામ્ય, ગોધરા, સુરત ગ્રામ્ય, નવસારી, સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જેવા વિસ્તારોમાં પણ ૧ કરોડથી વધુની કિંમતનો દારૂ પકડાયો હતો. આ આંકડાઓ દર્શાવે છે કે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દારૂનું નેટવર્ક કેટલું ફેલાયેલું છે.

### અમેરિકન એજન્સીનો ૧૦ હજાર મોતનો દાવો

# મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપ બાદ કરુણ દ્રશ્યો

## મ્યાનમાર અને થાઈલેન્ડમાં હજુ કાટમાળની નીચે દબાયેલી લાશો અને જીવિત બચેલા લોકોની શોધ ચાલુ

(SSS) મ્યાનમાર

મ્યાનમારમાં આવેલા ૭.૭ની તીવ્રતાના ભૂકંપ બાદ કાટમાળ હટાવવાની કામગીરી શરુ કરી દેવામાં આવી છે.

દેશના એક લશ્કરી અધિકારીના જણાવ્યા પ્રમાણે આ દુર્ઘટનામાં આછોમાં ઓછા ૧૦૦૦ લોકોનો મોત થયા છે અને ૨૩૭૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જો કે, યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે એજન્સી (USGS)નું કહેવું છે કે, મરનારાઓની સંખ્યા ૧૦૦૦૦ થી પણ વધારે હોઈ શકે છે. હજુ કાટમાળની નીચે દબાયેલી લાશો અને જીવિત બચેલા લોકોની શોધ ચાલુ છે. ગઈકાલ ૨૮ માર્ચ શુક્રવારે આવેલા આ ભૂકંપ એટલો શક્તિશાળી અને ભયાનક હતો કે, ૯૦૦ કિલોમીટર દૂર આવેલા થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં પણ તેની અસર જોવા મળી હતી. એક મીડિયા અહેવાલ પ્રમાણે કેટલીયે ઐતિહાસિક ઈમારતો અને પુલ જમીનદોસ્ત થઈ ગયા છે. ભારતમાં મેઘાલય અને મણિપુરના કેટલાક વિસ્તારોમાં પણ આ ભૂંકપના ઝટકા અનુભવાયા હતા. આ સિવાય બાંગ્લાદેશ અને ઢાકા અને ચટગાંવની સાથે સાથે ચીનમાં કેટલાક વિસ્તારોમાં તેની અસર જોવા મળી હતી. મ્યાનમારમાં થયેલી આ દુર્ઘટનામાં બચી ગયેલા એક વ્યક્તિએ જણાવ્યું કે, 'ભૂકંપ આવ્યો ત્યારે તે બાથરૂમમાં હતો. અને તેની સાથેના કેટલાક અન્ય લોકોએ પણ બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે પછી બીજો ભૂકંપ આવ્યો અને ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. મારા દાદી, કાકી અને કાકા હજુ પણ ગુમ છે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યાનમારને મદદ કરવાની જાહેરાત કરી છે. ભારત દ્વારા 'ઓપરેશન બ્રહ્મા' હેઠળ IAF C 130 J વિમાન દ્વારા મ્યાનમારમાં સૌર લેમ્પ, ફૂડ પેકેટ અને અન્ય રસોડાની વસ્તુઓ સહિત ૧૫ ટન રાહત સામગ્રી મોકલવામાં આવી છે. મ્યાનમાર વર્ષોથી ગૃહયુદ્ધનો ભોગ બની રહ્યું છે. જેના કારણે દેશની સ્થિતિ બરોબર નથી. ભૂકંપ પછી તેઓ વીજળી અને પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. ત્યાંની લશ્કરી સરકારના વડા, મીન આંગ હ્લેઈંગે, અન્ય દેશોને મદદ માટે અપીલ કરી છે. તો ભૂકંપ બાદ થાઈ સરકારે બેંગકોકમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. ૨૮ માર્ચે એક ઈમારત ધરાશાયી થતાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા. ૧૦૦ કામદારો હજુ પણ ગુમ છે.

# ૧૦૦૦ કિલોથી વધુ શંકાસ્પદ ક્રીમનો જથ્થો ઝડપાઈ ગયો

(SSS) અમદાવાદ

ગુજરાતમાં અનેક વાર નકલીની ભરમાળ સામે આવતી હોય છે. ત્યારે અમદાવાદના નરોડા વિસ્તારમાંથી શંકાસ્પદ ક્રીમનો જથ્થો ઝડપાયો છે. ૧ હજાર કિલોથી વધુ ક્રીમનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. શંકાસ્પદ જથ્થો જણાતા આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી છે. શંકાસ્પદ ક્રીમમાંથી ઘી બનતું હોવાથી પ્રાથમિક માહિતી મળતા આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.જેમાં ૧ હજાર કિલોથી પણ વધારે ક્રીમનો જથ્થો ઝડપાયો હતો. મહત્વનું છે કે આરોગ્ય વિભાગે બાતમીના આધારે નરોડા વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. જ્યાં અખાદ્ય ક્રીમનો જથ્થો ઝડપાયો હતો. જેના પર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ આ અગાઉ પણ અમદાવાદમાં વધુ એક વાર મનપાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પનીર વિક્રેતાઓ પર તવાઈ બોલાવવામાં આવી હતી. ૨ દિવસમાં ૨૬૩ કિલો પનીરનો જથ્થો સિઝ કરવામાં આવ્યો હતો. ૩ એકમનો ૨૪૫ કિલો પનીરનો જથ્થો વેચાણ અર્થે સ્થગિત કરવામાં આવ્યો હતો. હાથીજણનું વસંતીબેન મહિલા ગૃહઉદ્યોગ પણ સિલ કરાયું હતું. જ્યારે લાઈસન્સ ન હોવાથી અને અનહાઈજેનિક કન્ડિશન હોવાના કારણે કાર્યવાહી કરવામાં આવી હતી.

### મોદીની મુલાકાત ફાઈનલ, શ્રીલંકા પણ જશે

# થાઈલેન્ડમાં ભૂકંપ છતાં BIMSTEC સમિટ યોજાશે

## પીએમ ૩ થી ૪ એપ્રિલ સુધી થાઈલેન્ડની સત્તાવાર મુલાકાતે જશે : વડાપ્રધાનની થાઈલેન્ડની આ ત્રીજી મુલાકાત હશે

(SSS) નવી દિલ્હી

૨૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ, મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભારે ભૂકંપના કારણે તબાહી મચી ગઈ છે. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, મ્યાનમારના સાગાઈંગ પ્રદેશમાં ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, તેનું કેન્દ્ર મંડલેથી ૧૬ કિલોમીટર દૂર હતું. થોડીવાર પછી ૬.૪ની તીવ્રતાનો બીજો આંચકો આવ્યો. આ આંચકાએ માત્ર મ્યાનમાર જ નહીં પરંતુ પડોશી દેશ થાઈલેન્ડની રાજધાની બેંગકોકને પણ હચમચાવી નાખ્યું હતું. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે બેંગકોક ૩-૪ એપ્રિલે ૬ઠ્ઠી BIMSTEC સમિટની તૈયારી કરી રહ્યું હતું, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપવાના છે. વિદેશ મંત્રાલયમાં સચિવ (પૂર્વ) જયદીપ મજુમદારે શુક્રવારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદી છઠ્ઠી BIMSTEC સમિટમાં ભાગ લેવા માટે થાઈલેન્ડ જશે. પીએમ મોદી ૩ થી ૪ એપ્રિલ સુધી થાઈલેન્ડની સત્તાવાર મુલાકાતે જશે. વડાપ્રધાનની થાઈલેન્ડની આ ત્રીજી મુલાકાત હશે. વડાપ્રધાન મોદી થાઈલેન્ડના વડાપ્રધાન પૈતોંગતાર્ન શિનાવાત્રા સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. થાઈલેન્ડના વડાપ્રધાન સાથે આ તેમની બીજી મુલાકાત હશે. આ પહેલા તેઓ ગયા વર્ષે ૧૧ ઑક્ટોબરના રોજ આસિયાન સમિટ દરમિયાન તેમને મળ્યા હતા. જયદીપ મજમુદારે કહ્યું કે, ભારત અને થાઈલેન્ડ વચ્ચે ઐતિહાસિક દ્વિપક્ષીય સંબંધો, સાંસ્કૃતિક અને ધાર્મિક સંબંધો છે. થાઈલેન્ડ ભારતનો દરિયાઈ પડોશી છે. અમારી એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો-પેસિફિક માટેના વિઝનમાં મુખ્ય ભાગીદાર છે અને BIMSTECમાં પણ મુખ્ય ભાગીદાર છે. ૪ એપ્રિલના રોજ બેંગકોકમાં યોજાનારી સમિટ, ૨૦૧૮માં નેપાળના કાઠમંડુમાં આયોજિત ચોથી સમિટ પછી BIMSTEC નેતાઓની પ્રથમ સામ-સામે બેઠક હશે. ૫મી કોન્ફરન્સ વર્ચ્યુઅલ રીતે કોલંબો, શ્રીલંકામાં માર્ચ ૨૦૨૨માં યોજાઈ હતી. જયારે હવે છઠ્ઠી કોન્ફરન્સ યોજાઈ રહી છે જેની થીમ 'BIMSTEC, રિસિયન્ટ અને ઓપન' રહેશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ દરમિયાન ક્ષેત્રીય સહયોગ વધારવા પર ચર્ચા થશે. ભારત મૈંસ્જીઈઝમાં સુરક્ષા, વેપાર, રોકાણ, કનેક્ટિવિટી અને માનવ સુરક્ષા જેવા ક્ષેત્રોમાં પહેલ કરી રહ્યું છે. પરંતુ ભૂકંપ બાદ બેંગકોકમાં જે સ્થિતિ છે તે કોન્ફરન્સની તૈયારીઓ પર સવાલો ઉભા કરી રહી છે. થાઈલેન્ડની મુલાકાત બાદ પીએમ મોદી શ્રીલંકા જશે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે, બેંગકોકમાં મૈંસ્જીઈઝ સમિટ બાદ વડાપ્રધાન મોદી શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેના આમંત્રણ પર ૪ થી ૬ એપ્રિલ સુધી શ્રીલંકાની સરકારી મુલાકાતે જશે. રાષ્ટ્રપતિ ડિસનાયકે રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી તેમની પ્રથમ વિદેશ મુલાકાતે ડિસેમ્બર ૨૦૨૪ માં નવી દિલ્હીની મુલાકાત લીધી હતી અને હવે વડા પ્રધાન મોદી શ્રીલંકાની મુલાકાત લઈ રહ્યા છે.

# અનંત અંબાણી પગપાળા દ્વારકા જવા માટે નીકળ્યા

## અનંત અંબાણી દરરોજ ૧૦થી ૧૫ કિલોમીટર પગપાળા ચાલશે, જે તેમની ધાર્મિક શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે

(SSS) જામનગર,

દેશમાં સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણીનો પરિવાર ખૂબ જ ધાર્મિક છે. તેથી જ તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને તેમના પરિવારને દ્વારકાદીશમાં અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ છે. જ્યારે પણ તક મળે અંબાણી પરિવારના સભ્યો દ્વારકાધીશના દર્શન કરવા માટે દ્વારકા આવતા હોય છે. આ જ ક્રમમાં હવે મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના દીકરા અનંત અંબાણી ચાલતા-ચાલતા દ્વારકાધીશના દર્શન કરવા માટે રવાના છે. રિલાયન્સ ગ્રુપના અનંત અંબાણીની દ્વારકાધીશ પ્રત્યેની અપાર શ્રદ્ધા ફરી એક વાર જોવા મળી છે. અનંત અંબાણીએ દ્વારકા મંદિર સુધી પગપાળા જવાનું નક્કી કર્યું છે અને આ માટે તેઓ મોડી રાતે એક વિશાળ કાફલા સાથે પદયાત્રાની શરુઆત કરી છે. દરરોજ ૧૦થી ૧૫ કિલોમીટર પગપાળા ચાલશે, જે તેમની ધાર્મિક શ્રદ્ધા અને સમર્પણ દર્શાવે છે. અહીં ઉલ્લેખનિય છે કે, ૨૭ ફેબ્રુઆરીએ જ વન્ય પ્રાણીઓની સંભાળ માટે અનંત અંબાણીની પહેલ 'વનતારા'ને 'પ્રાણી મિત્ર' રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### કરોડો રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરાઈ

# નર્મદે હર..ના નાદ સાથે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો થયેલો શુભારંભ

## ગુજરાત સહિત અન્ય રાજ્યના શ્રદ્ધાળુઓ દ્વારા પુષ્પ અર્પણ અને દીપ પ્રાગટ્ય કરીને યાત્રાનો શુભારંભ કરાયો

(SSS) વડોદરા

વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી લગભગ ૬ કિ.મી. સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ મહત્ત્વ છે. આજે શનિવારે (૨૯ માર્ચ, ૨૦૨૫)થી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા શરૂ થઈ છે, જે આગામી ૨૭ એપ્રિલ એટલે કે લગભગ એક મહિના સુધી યોજાશે. આ પ્રસંગે સંત સાંવરિયા મહારાજ, સાધુસંતો અને નર્મદા પરિક્રમામાં આવેલા ગુજરાત સહિત અન્ય રાજ્યના શ્રદ્ધાળુઓ દ્વારા પુષ્પ અર્પણ અને દીપ પ્રાગટ્ય કરીને યાત્રાનો શુભારંભ કર્યો હતો. જ્યારે પરિક્રમાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે. નર્મદામાં આજે શનિવારથી ઉત્તરવાહિની પરિક્રમાનો પ્રારંભ કરાયો છે. પરિક્રમાને લઈને જિલ્લા વહીવટીતંત્રએ ટેન્ટ અને રેલિંગની વ્યસ્થા કરવામાં આવી છે. જ્યારે પરિક્રમમાં કોઈ અનિચ્છિનિય ઘટના ન બને તે માટે પોલીસ અને તરવૈયાઓ નદી કિનારે સજ્જ કરી દેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે, 'પરિક્રમાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત છે. આકસ્મિત સ્થિતિને લઈને સ્પીડ બોટ્સ પણ તૈનાત છે.'

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા નર્મદા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો ભક્તો માટે ૩.૮૨ કરોડ રૂપિયાના ખર્ચે અનેક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાના માર્ગમાં નર્મદા નદીના શહેરાવ ઘાટ, રેંગણ ઘાટ, રામપુરા ઘાટ અને તિલકવાડા ઘાટ આવેલા છે.

આ તમામ ઘાટ પર મોટી સાઈઝના મંડપો, ખુરશી, બેરીકેડિંગ, લાઈટિંગ, ટૉયલેટ બ્લૉક, ચેન્જિંગ રૂમ, મેડિકલ બૂથ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, પોલીસ બૂથ માટે મંડપ, પીવાના પાણીની સુવિધા, સીસીટીવી કેમેરા, ચેતવણી બોર્ડ, ડી. જી. સેટ, સાઈનબોર્ડ્સ, પાર્કિંગ, યાત્રિકોને લાઈનમાં ઊભા રહેવા માટેની રેલિંગ, વોચ ટાવર, ફૂડ સ્ટોલ તથા સ્નાન માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ ઉપરાંત પરિક્રમા માર્ગ પર લાઈટિંગ, સાઈનેજિસ, કચરાપેટી, સીસીટીવી કેમેરા, સીનિયર સિટીઝન માટે બેઠક વ્યવસ્થા, ટોયલેટ યુનિટ, ઈમર્જન્સી કામગીરી માટે જેસીબી, હિટાચી, ક્રેન, દોરડા જેવી મશીનરી તથા વસ્તુઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

શિવપુત્રી તરીકે ઓળખાતી પવિત્ર નર્મદા નદીની પરિક્રમામાં પૂર્ણપરિક્રમા જેટલું જ ધાર્મિક મહત્ત્વ ઉત્તરવાહીની નર્મદા પરિક્રમાનું છે. જે ૧૮ કિ.મીની જ પરિક્રમા થાય છે. નર્મદા નદીની પરિક્રમા રામપુરા ગામના કિડી મકોડી ઘાટથી શરૂ થાય છે. ત્યારબાદ આગળ વધતા તિલકવાડા પાસે નદીના કિનારાની જગ્યાએથી નાવડીમાં બેસી નદી પાર કરી સામે કિનારે જઈ પાછું નાવડીમાં આવવાનું હોય છે. એટલે પરિક્રમા કરતી વખતે બે વખત નર્મદા નદીને પાર કરવાની રહે છે. આ ઉપરાંત પરિક્રમાને ધ્યાનમાં રાખીને હાંસોટ તાલુકાના વમલેશ્વર ખાતે જેટી તૈયાર કરવામાં આવી છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના દહેજમાં સ્થપાયેલા દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું દહેજમાં GACLના સ્થાપના દિવસે વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

### યુરોપ-અમેરિકા-દક્ષિણ એશિયામાં કેમિકલ્સની નિકાસ થશે

# GACLના દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું મુખ્યંત્રીએ કર્યું વર્ચ્યુઅલ લોકાર્પણ

**(SSS)** દહેજ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડના દહેજમાં સ્થપાયેલા દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું દહેજમાં GACLના સ્થાપના દિવસે વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું. ગુજરાત સરકારના આ સાહસ દ્વારા ક્લોરિનનો ઉપયોગ કરીને બેન્ઝાઈલ ક્લોરાઈડ, બેન્ઝાઈલ આલ્કોહોલ અને બેન્ઝાલડિહાઈડ જેવા મૂલ્ય વર્ધિત ક્લોરિન આધારિત ઉત્પાદનો આ નવા પ્લાન્ટમાં કરાશે. મુખ્યમંત્રીએ લોકાર્પણ કરેલો આ નવ સ્થાપિત પ્લાન્ટ રૂ.૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયો છે. એટલું જ નહીં, વાર્ષિક ૩૦ હજાર ટનની ક્ષમતા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજે ૧ હજાર જેટલી રોજગારીનું સર્જન પણ કરશે. GACLનો આ નવો ક્લોરોટોલ્યુન પ્લાન્ટ યુરોપ, અમેરિકા અને દક્ષિણ એશિયામાં આ કેમિકલના એક્સપોર્ટ દ્વારા અંદાજે રૂ.૧૩૦ કરોડનું વિદેશી હૂંડિયામણ રળી આપશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે GACLના સ્થાપના દિવસ અવસરે કાર્યરત થઈ રહેલા આ નવા પ્લાન્ટ માટે અને ઘ્છઝન્ની ૫૦ વર્ષની પ્રગતિમય સફળતા માટે GACL પરિવારને અભિનંદન પાઠવીને પ્રસંશા કરી હતી. GACLના કાર્યકારી વહીવટી સંચાલક અને મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે મુખ્યમંત્રીશ્રીને આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્ય સરકારનું સાહસ GACL ૧૯૭૩થી કાર્યરત છે અને દહેજમાં બે તથા વડોદરામાં એક મળીને કુલ ત્રણ ઉત્પાદન એકમોમાં કોસ્ટિક સોડા સહિત ૩૫થી વધુ ઉત્પાદનો કરે છે. GACLએ પાછલા પાંચ દાયકામાં પોતાની ઉત્પાદન ક્ષમતા વધારીને તથા નવા ઉત્પાદનો દ્વારા સતત વિસ્તરણ કર્યું છે. GACL આઠ લાખ મેટ્રિક ટનથી વધુ કોસ્ટિક સોડાના વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ધરાવે છે તથા સોડિયમ ક્લોરેટ અને હાઈડ્રેઝિન હાઈડ્રેટનું ભારતમાં એકમાત્ર ઉત્પાદન એકમનું ગૌરવ ધરાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દહેજ ખાતેના GACLના નવા પ્લાન્ટનું આ વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું તે અવસરે મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીના સલાહકાર એસ.એસ. રાઠૌર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, જી.આઈ.ડી.સી.ના એમ.ડી. પ્રવિણા ડી.કે. તથા GACLના વરિષ્ઠ અધિકારીઓ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત સરકારના આદેશ બાદ AMCએ કર્યો નિર્ણય

# જન્મ મરણ અંગેના સર્ટિફિકેટ મેળવવા હવે થશે મોંઘા!

### આ ફી વધારો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો

**(SSS)** અમદાવાદ

ગુજરાતમાં હવે જન્મ અંગેના સર્ટિફિકેટમાં ધરખમ વધારો કર્યો છે. આ નવા નિયમો લાગૂ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે નાગરિકોને આ સેવાઓ માટે હવે વધુ ખર્ચ કરવો પડશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આ નિર્ણયથી સામાન્ય લોકો પર સીધી અસર પડશે. જન્મ મરણ અંગેના સર્ટિફિકેટ મેળવવા હવે મોંઘા થવા જઈ રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આદેશ બાદ દ્વદ્વષ્ઠ એ આ નિર્ણય કર્યો છે. જુદા જુદા હેતુ અને સમય મર્યાદા મુજબ માટે વિવિધ ચાર્જ જાહેર કરવામાં આવ્યા છે. આ ફી વધારો તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૮ બાદ વિવિધ ફીમાં વધારો કરાયો છે. જો તમે હવે નામ, પિતાનું નામ અને અટક સહિતની નોંધાયેલી વિગતો સુધારવા માટે જન્મ અને મૃત્યુ રજીસ્ટ્રારની કચેરીએ જાઓ ત્યારે ખાતરી કરજો કે તમે આપેલી વિગતોની જોડણી ખોટી નથી. કેમ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા એક નવો નિયમ બનાવવામાં આવ્યો હતો. નામ બદલવાની વારંવારની વિનંતીઓથી તંગ આવી ગયેલા છસ્ઝએ આખરે એક મોટો નિર્ણય લીધો હતો. જે મુજબ હવે જન્મ કે મૃત્યુના પ્રમાણપત્રમાં ફક્ત એક વખત સુધારો કરી શકાશે અને ત્યારબાદ તેમાં કોઈ સુધારો કરી શકાશે નહીં. જ્યોતિષીય સલાહ મુજબ સુધારા-વધારા કરવા અને 'ભાઈ' અથવા 'કુમારી' જેવા સન્માનિતને દૂર કરવા માટે હવે એકથી વધુ વખત ફેરફારો કરવામાં આવશે નહીં.વર્ષ ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં જ નામમાં સુધારો કરવાની વિનંતોમાં બે ગણો વધારો થયો હતો. પ્રથમ છ મહિનામાં જ સુધારા-વધારા કરવા માટે છસ્ઝને ૫૦,૦૦૦થી વધુ અરજીઓ મળી છે. જે આટલી અરજીઓ ૨૦૨૩ના આખા વર્ષ દરમિયાન મળી હતી. આવી અરજીઓની સંખ્યા સતત વધી રહી હોવાના કારણે છસ્ઝને આરોગ્ય ભવનમાં રજિસ્ટ્રાર ઓફિસમાં નવી પ્રતિબંધિત નીતિઓની નોટિસ મૂકવાની ફરજ પડી છે.

### ગ્રાઈન્ડર એપ્લીકેશનથી ગ્રાહકો શોધતા હતા

# બે યુવકો એમ.ડી ડ્રગ્સ સાથે આશ્રમ રોડની હોટલમાંથી ઝડપાઈ ગયા

### તેમની પાસેથી ૧૪ ગ્રામ જેટલો એમ.ડી ડ્રગ્સનો જથ્થો મળ્યો

**(SSS)** અમદાવાદ

ઓરિસ્સાથી અમદાવાદના આશ્રમ રોડ પર સ્થિત એક હોટલમાં રહી ગ્રાઈન્ડર એપ્લિકેશનથી ગે સેક્સની પ્રવૃતિ કરતા બે ગે યુવકોને એમ.ડી ડ્રગ્સ સાથે સ્પેશીયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઝડપી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે બંને ગે યુવકોને એમ.ડી ડ્રગ્સની આદત હતી અને તેમના એક ગ્રાહકે એમ.ડી ડ્રગ્સ આપ્યું અને તે વેંચીને નવા ગ્રાહકોને શોધીને સપ્લાય કરતા હતા. આ અંગે એસઓજીએ વધુ તપાસ હાથ ધરી છે. સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના સ્ટાફને બાતમી મળી હતી કે આશ્રમ રોડ જીવાભાઈ ચેમ્બર્સમાં આવેલી ક્રિસ્ટલ હોટલમાં બે ગે યુવકો એમ.ડી ડ્રગ્સ સપ્લાય કરવા માટે ગ્રાહકો શોધે છે. જે બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર વી.એચ.જોષી અને તેમના સ્ટાફે દરોડો પાડયો હતો. જેમાં હોટલના ૧૦૭ નંબરના રૂમમાં અશોક ઉર્ફે કાજલ બેહરા અને કાલેજ ઉર્ફે પાયલ શેખ નામના ગે યુવકો ઝડપીને તેમની પાસેથી ૧૪ ગ્રામ જેટલો એમ.ડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે અશોક ઉર્ફે કાજલ અને કાલેજ ઉર્ફે પાયલ ઓરિસ્સાના ગંજામ જિલ્લા નજીક રહે છે. બંને ગે હોવાથી સેક્સ પ્રવૃતિ માટે અમદાવાદ નિયમિત રીતે આવતા હતા. જેમાં તે ગ્રાઈન્ડર ગે એપ્લિકેશનથી ગ્રાહકોને હોટલમાં બોલાવતા હતા. સાથે સાથે તેમને એમ.ડી ડ્રગ્સની આદત હોવાથી એક ગ્રાહકે ડ્રગ્સ આપ્યું હતું. જે પોતાના અંગત ઉપયોગ કરવાની સાથે ગ્રાઈન્ડર એપ્લિકેશનથી સંપર્કમાં આવતા ગ્રાહકોને એમ.ડી ડ્રગ્સનું વેચાણ કરતા હતા. આ અંગે એસઓજીએ નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# હાલોલના ભાટ ગામના જંગલ વિસ્તારમાં લાગી ભીષણ આગ

**(SSS)** હાલોલ

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર ગુજરાતમાં આગની ઘટના બની છે. પંચમહાલના હાલોલના ભાટ ગામના જંગલ વિસ્તારમાં ભીષણ આગ લાગી હોવાની ઘટના બની છે. ભીષણ આગ લાગતા દૂર દૂર સુધી ધુમાડો જોવા મળ્યો હતો. જંગલ વિસ્તારની ટેકરીઓ પર આગ લાગી હતી. આગ પર કાબુ મેળવવા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. જીએમડીસીની ટીમ દ્વારા આગ પર કાબુ મેળવવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. બીજી તરફ આ અગાઉ સુરતના કડોદરા ચાર રસ્તા નજીક ટ્રકમાં આગ લાગી હતી. ઉંભેળ ગામની સીમમાં ટ્રાન્સપોર્ટ પાર્કિંગમાં આગ લાગવાની ઘટના બની હતી.

### NA થયા વિનાની જમીન અંગે સરકારનો મોટો નિર્ણય

# હવે કોઈ નહીં પચાવી શકે તમારું મકાન અને જમીન

### ગુજરાત જમીન મહેસૂલ(સુધારા) વિધેયક પસાર થયું : NA થયા વિનાની જમીનમાં બનેલા મકાનો નિયમિત કરી શકાશે

**(SSS)** ગાંધીનગર,

વિધાનસભા ગૃહમાં ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ બિલ પસાર કર્યું છે. જેમાં સરકારે NA થયા વિનાની જમીન અંગે એવો નિર્ણય લીધો કે, ગુજરાતના ૩૦ લાખથી વધુ મકાનોને તેનો સીધો ફાયદો થશે. રાજ્યમાં બિનખેતી કરાવ્યા વિનાની જમીન પર મંજૂરી વિના કરેલા બાંધકામ-મિલકતના હક્કો આપી, વિશેષ આર્થિક લાભ આપવાના હેતુથી બિલમાં સુધારો કરાયો છે. જેમાં નાગરિકોને રહેણાંકની પાયાની જરૂરિયાતના કાયદેસરના હક્ક પ્રાપ્ત થાય અને તેમના સર્વાંગી હિતો સુનિશ્ચિત કરવાનો રાજ્ય સરકારનો આશય છે. સુધારા દાખલ થવાથી આ કાયદા સંબંધિત અર્થઘટનના પ્રશ્નો, લિટિગેશન અને વહીવટી ગૂંચવણો ઘટશે તેવું સરકારનું માનવું છે. ત્યારે આવામાં સરકારના ધ્યાને આવ્યું હતું કે, NA થયા વિનાની જમીન લોકો માટે મોટી સમસ્યા બની હતી. ત્યારે હવે એનએ વગરની જમીનવાળાને સીધો ફાયદો થશે. કાયદો પસાર થતા હવે વર્ષોથી પોતાની માલિકીની જમીન પર બાંધકામ કર્યા પછી નિયમિત થતું ન હોય, કોઈ સોસાયટી નિયમિત ન થતી હોય તેવી સોસાયટીના મકાન માલિકો બાકી પ્રીમિયમ, દંડ કે વ્યાજ ભરીને દસ્તાવેજ કરી શકશે અને મકાન કાયદેસર થઈ શકશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે સરકારની આ ઉદારતા એવા લોકો માટે છે કે જેમણે પોતાની જમીન પર બાંધકામ કર્યુ છે, પણ જરૂરી પરવાનગીઓ લેવાનું કોઈને કોઈ કારણોસર ચૂકી ગયા છે. પોતાની જમીનના પ્લોટ પાડીને કોઈએ વેચ્યા, તેના પર પ્લોટ લઈને મકાન બનાવ્યું. એ વ્યક્તિને ખ્યાલ નથી કે વેચનારે બિનખેતીની પરવાનગી લીધી નથી કે બીજી નિયમ અનુસારની પરવાનગીઓ લીધી નથી. અજાણતા શરત ભંગ થયો છે. કાયદાની જાણકારીના અભાવે શરત ભંગ થયો છે અથવા તો ઈરાદાપૂર્વક ન થઈ હોય તેવી ભૂલને કારણે તેમને સહન કરવું ન પડે તે આ બિલનો હેતુ છે. મંત્રી રાજપૂતે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં સુધારેલા કાયદામાં કેટલાક સુધારા લાવવા જરૂરી જણાતા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ના પ્રકરણ-૯(ક)ની કલમ-૧૨૫(છ)(૧) ની જોગવાઈને વધુ અસરકારક બનાવવાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સૂચિત સુધારા બિલ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ રજૂ કરાયું છે. જે પ્રમાણે પ્રવર્તમાન કાયદાની કલમ-૧૨૫(છ) (૧)માં સુધારો કરીને કલમ-૧૨૫ (છ) (૧)(૧), કલમ-૧૨૫ (છ)(૧)(૨) અને કલમ-૧૨૫ (છ)(૧)(૩) ઉમેરવામાં આવી છે.

